dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 20 | AD - 2024, Aaso Vad -03 | Sunday, Dt.20-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### એક જ પરિવારના ત્રણ લોકોના મોત, ઘટનાની જાણ થતા આગેવાનો અને ગ્રામજનો હોસ્પિટલે દોડ્યા

# લાઠીના આંબરડી ગામે શ્રમિકો પર વીજળી ત્રાટકતા પાંચના મોત

**વાડીએથી કપાસ વીણી ઘરે આવતા સમયે બની કરૂણાંતિકા**

અમરેલી,તા.૧૯

ગુજરાતમાં બે દિવસ ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદનું અનુમાન હવામાન વિભાગે લગાવ્યું છે. ત્યારે અનેક જગ્યાએ ભારેથી હળવો વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં ઘણી જગ્યાએ વીજળી પડવાના સમાચાર મળી રહ્યા છે. જેમાં અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે પાંચ શ્રમિકો પર વીજળી પડતા તેમના મોત થયું છે.

અમરેલી જિલ્લામાં બપોર બાદ ભારે વરસાદ પડ્યો હતો. જેમાં લાઠી તાલુકાના આંબરડી ગામે કપાસનું કામ પુરૂ કરી ઘરે પરત ફરતી વખતે પાંચ લોકોના મોત થયા હતા જયારે ત્રણ લોકો ઘાયલ થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હાલ અમરેલી જિલ્લામાં મોસમ પુરબહારમાં ખીલી છે. કપાસ વીણવા માટે આંબરડી





ગામના શ્રમિકો ખેતરે ગયા હતા, જયાં વરસાદ આવતા વાડી માલિકે તમામને ઘરે જવા માટે કહ્યુ હતુ પરંતુ શ્રમિકોને ક્યાં ખબર હતી કે ઘરે જવાને બદલે મોત રસ્તામાં રાહ જોઈને ઉભુ છે. શ્રમિકોમાં મહિલા અને બાળકોનો પણ સમાવેશ થતો હતો.

શ્રમિકો ઘરે જવા નીકળ્યા ત્યાં જ રસ્તામાં વીજળી પડતા પાંચ શ્રમિકો દાઝી જતા તેમના સ્થળ પર જ મોત થયા હતા. એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયુ હોવાનું જાણવા મળ્યુ છે. જયારે અન્ય ત્રણ લોકોને સારવાર અર્થે ઢસા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. એક સાથે પાંચના મોતથી સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો છે. આ ઘટનાની જાણ થતા ગ્રામજનો પણ લાઠી સરકારી હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

**ધારાસભ્ય જનક તળાવીયા હોસ્પિટલ દોડી ગયા**

લાઠી તાલુકાના આંબરડી ગામે શ્રમિક પરિવાર પર વીજળી પડતા પાંચ શ્રમિકોના મોત નિપજ્યા હોવાની જાણ ધારાસભ્ય જનક તળાવીયાને થતા તેઓ તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા હતા અને મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ઘટના બાદ ડીયાએસપી ચિરાગ દેસાઈ સહિતનો પોલીસ સ્ટાફ પણ હોસ્પિટલ ખાતે પહોચ્યો હતો. મૃતકોનું પોસ્ટમાર્ટમ જલદી થાય તે માટે ધારાસભ્યે હોસ્પિટલના સત્તાવાળાઓને સુચના આપી હતી.

**મોતને ભેટેલા હતભાગીઓની યાદી**

| | |
|---|---|
| ભારતીબેન ભાવેશભાઈ સાથળીયા | (ઉ.વ.૩૫) |
| શિલ્પાબેન વિજયભાઈ સાથળીયા | (ઉ.વ.૧૮) |
| રિધ્ધીબેન ભાવેશભાઈ સાથળીયા | (ઉ.વ.૫) |
| રૂપાલીબેન દલસુખભાઈ વણોદીયા | (ઉ.વ.૮) |
| રાધેભાઈ ભાવેશભાઈ સાથળીયા | (ઉ.વ.૫) |

### લેબનનથી ઈઝરાયલ પર ત્રણ ડ્રોન છોડવામાં આવ્યાં હતાં. એમાંથી એક સિઝેરિયા શહેરમાં એક મકાન પર પડયુ

# હિઝબુલ્લાહનો ઈઝરાયેલ પ્રધાનમંત્રીના ઘર પર ડ્રોન હુમલો

તેલઅવીવ, તા.૧૯

હિઝબુલ્લાહે શનિવારે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના ઘર પર ડ્રોન હુમલો કર્યો હતો. ટાઈમ્સ ઑફ ઈઝરાયલ અનુસાર, ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે પણ આ વાતની પુષ્ટિ કરી છે. PMOએ કહ્યું હતું કે જ્યારે હુમલો થયો ત્યારે PM નેતન્યાહૂ અને તેમની પત્ની સારા ઘરે નહોતાં. હાલ આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) એ જણાવ્યું હતું કે શનિવારે લેબનનથી ઈઝરાયલ પર ત્રણ ડ્રોન છોડવામાં આવ્યાં હતાં. એમાંથી એક સિઝેરિયા શહેરમાં એક મકાન પર પડ્યું. સિઝેરિયા ઈઝરાયલના પીએમ નેતન્યાહૂનું પૈતૃક ઘર છે. IDF અનુસાર, લેબનનથી વધુ બે ડ્રોન છોડવામાં આવ્યાં હતાં, જેને અટકાવવામાં આવ્યાં હતાં. આ કારણે ગિલોટ સૈન્ય મથક પર એલાર્મ વાગવા લાગ્યું. IDFએ કહ્યું હતું કે તેઓ ડ્રોન ઘૂસણખોરીની તપાસ કરી રહ્યા છે. ટાઈમ્સ ઑફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર, શનિવાર સવારથી જ લેબનનથી ઈઝરાયલના તિબેરિયા અને આસપાસના વિસ્તારોને નિશાન બનાવીને ડ્રોન અને રોકેટ હુમલા થઈ રહ્યા



છે. ઘણાં રોકેટ ગેલિસિયાના સમુદ્રમાં પડતાં જોવા મળ્યાં હતાં, જેના કારણે કોઈ ઈજા થઈ નથી. તેલ અવીવ અને શહેરના ઉત્તરીય વિસ્તારોમાં ડ્રોન હુમલાની ચેતવણીના સાયરન્સ પણ સાંભળવા મળ્યા હતા. ઈઝરાયલ હુમલામાં હમાસ ચીફ યાહ્યા સિનવારના મોત બાદ ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખમેનીનું આ પહેલું નિવેદન છે. ટાઈમ્સ ઑફ ઈઝરાયલ અનુસાર, તેમણે કહ્યું કે યાહ્યા સિનવારના મૃત્યુ પછી પણ હમાસનો અંત આવ્યો નથી. શનિવારે ખામેનીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સિનવારના મૃત્યુ સાથે સંબંધિત ઘણી પોસ્ટ કરવામાં આવી હતી. તેમાં લખ્યું છે- સિનવર તેના શહીદ મિત્રો પાસે ગયો છે. તેની વિદાય આપણા માટે દુઃખદાયક છે. પરંતુ જે રીતે અહેમદ યાસીન, અબ્દેલ અઝીઝ રંતિસી, ઈસ્માઈલ હનીયાહની શહાદત પછી પણ હમાસે પોતાનું કામ ચાલુ રાખ્યું, તે સિનવારના મૃત્યુ પછી પણ અટકશે નહીં. ખામેનીએ કહ્યું કે ઈરાન હંમેશાની જેમ પેલેસ્ટિનિયન મુજાહિદીન અને લડવૈયાઓ સાથે ઉભું રહેશે.

# ઈન્ડિગો એરલાઈન્સના પાંચ વિમાનોને ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, ઈમરજન્સી લેન્ડીંગ કરાયું

ન્યુ દિલ્હી,તા.૧૯

એરલાઈન્સને બોમ્બની ધમકીના કોલ સતત વધી રહ્યા છે. ઈન્ડિગોના ૫ વિમાનોને આજે ફરી બોમ્બની ધમકી મળી છે. તમામ વિમાનોનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી રહ્યું છે. દિલ્હી એરપોર્ટ પર અત્યાર સુધીમાં કુલ ૩ ફ્લાઈટ્સ લેન્ડ થઈ છે. અત્યાર સુધીમાં બોમ્બની ધમકીના ૭ કોલ આવ્યા છે. ઈન્ડિગોની ૫ ફ્લાઈટને આ ધમકી આપવામાં આવી છે. તહેવારોની સિઝનમાં ફ્લાઈટમાં બોમ્બની ધમકી જેવા કોલ સામાન્ય બની ગયા



છે. સોમવારથી અત્યાર સુધીમાં ૭૦થી વધુ ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળી છે. આજે સવારે એર ઈન્ડિયા એક્સપ્રેસ અને વિસ્તારા એરલાઈન્સને પણ બોમ્બની ધમકી આપવામાં આવી છે. દુબઈથી જયપુર આવી રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ IX-૧૯૬ને શુક્રવારે મોડી રાત્રે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, ત્યારબાદ ફ્લાઈટનું જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એર ઈન્ડિયા એક્સપ્રેસે શનિવારે સવારે જણાવ્યું કે ફ્લાઈટે મોડી રાત્રે ૧:૪૦ વાગ્યે સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું.




# મહારાષ્ટ્રમાં ભાજપ ૧૫૫, શિંદે શિવસેના ૭૮, અજીત જૂથ ૫૫ બેઠકો પર ચૂંટણી લડશે

મુંબઈ,તા.૧૯



મહારાષ્ટ્રમાં સીટ શેરિંગ અંગે ગઈ મોડી રાત્રે અમિત શાહના ઘરે NDAના દળોની અઢી કલાક બેઠક મળી હતી. જેમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે, ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને ડેપ્યુટી સીએમ અજિત પવાર હાજર રહ્યા હતા. બેઠકમાં ભાજપ, શિવસેના શિંદે અને NCP અજીત જૂથ વચ્ચે રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકો પર સહમતિ સધાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ ૧૫૫ બેઠકો પર, શિવસેના શિંદે જૂથ ૭૮ બેઠકો પર અને NCP અજિત પવાર જૂથ ૫૫ બેઠકો પર તેના ઉમેદવારો મેદાનમાં ઉતારશે. બેઠકમાં નાની પાર્ટીઓને પણ કેટલીક બેઠકો આપવા પર સહમતિ બની હતી. અમિત શાહની સૂચના બાદ કેટલીક બેઠકો અંગેનો મુદ્દો રાજ્ય સ્તરે ઉકેલાશે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
રવિવાર, તા.૨૦-૧૦-૨૦૨૪

## બે લોકોના મોતના સમાચાર મળતા લોકો ઘટનાસ્થળે દોડી ગયા

# રાજુલા નજીક ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા બેના મોત

**ટ્રકચાલક બાઈકને એક કિ.મી. સુધી ઢસડતો ગયો**

અમરેલી,તા.૧૯

રાજુલા નજીક ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. પીપાવાવ પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. રાજુલા નજીક સર્જાયેલા અકસ્માતમાં ટ્રકના ચાલકે ટક્કર મારતા બાઈક પર સવાર જાદવભાઈ વાળા અને ખોડાભાઈ વાળા નામના બે લોકો જમીન પર પટકાયા હતા. બંનેને ગંભીર



ઈજા થતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. તો બીજી તરફ અકસ્માત સર્જયા બાદ ટ્રકનો ચાલક ખાલી બાઈકને ટ્રક સાથે આગળ એક કિમી સુધી ઢસડતો ગયો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ટ્રકને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. બે દિવસ પહેલા પણ રાજુલાના ચારનાળા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં પણ બે લોકોના મોત નિપજ્યા હતા. ત્યારબાદ આજે સર્જાયેલા વધુ એક એકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

# ડિજિટલ ક્રોપ સર્વેના આધારે ખેડૂતોને સહાય ચુકવવા હિરેન હિરપરાની રજૂઆત

અમરેલી, તા.૧૯

રાજ્યમાં ચોમાસું પાક મગફળી, સોયાબીન, તલ, કપાસ, જેવા પાકો પાકીને તૈયાર થયા હતા તમામ વિસ્તારમાં પાકની કાપણી અને લણણીનું કામ શરુ છે, આવા સમયે છેલ્લા એક અઠવાડિયાથી સૌરાષ્ટ્રનાં તમામ જિલ્લાઓ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ખુબ મોટા પ્રમાણમાં વરસાદ છે, જેના હિસાબે ખેતી પાકોમાં



વ્યાપક નુકસાન થયું છે. ખેતી પાકો વરસાદના હિસાબે બગડી જતા ખેડૂતો અને ખેત મજુરો મુશ્કેલીમાં મુકાયેલા છે. આ સમયે ખેડૂતોને મદદ કરવી જરૂરી બની છે, કારણ કે, મોંઘા બિયારણ ખાતર, દવાઓ અને ખેડૂતોની મહેનત મજુરી માથે પડે તેવી શક્યતા છે. રાજ્ય સરકારે ડિજિટલ ક્રોપ સર્વે કરાવેલો છે તેના આધાર ઉપર નુકસાનગ્રસ્ત જિલ્લાઓના ખેડૂતોને તાત્કાલિક મદદ કરવા ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ રાજ્યના મુખ્યમંત્રી તેમજ કૃષિમંત્રીને રજૂઆત કરી છે.

# જિલ્લા સંકલન અને ફરીયાદ નિવારણ સમિતિની બેઠક

**બેઠકમાં જિલ્લાનાં તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં**

અમરેલી,તા.૧૯

જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. કલેકટરે આગામી તા.૨૮ ઓક્ટોબરે વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને યોજાનાર સંભવિત કાર્યક્રમની



તૈયારીઓ સંદર્ભે અધિકારીઓને જરુરી દિશાનિર્દેશો આપ્યા હતા. વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ બેઠકમાં કલેકટરે કાર્યક્રમના સુચારુ આયોજન માટે વિવિધ સમિતિઓના અધિકારીઓ સાથે તેમને સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. સંકલન સમિતિની બેઠકમાં જનપ્રતિનિધિઓના પ્રશ્નોનું હકારાત્મક નિવારણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યોએ વિવિધ વિસ્તારોના રસ્તા, વીજળી, ખેડૂતોના પ્રશ્નો, સ્વાસ્થ્ય અને આરોગ્ય તેમજ વિવિધ યોજનાકીય સહાય સહિતની બાબતે ઘટતું થાય તે માટે જિલ્લા કલેકટરે સંબંધિત કચેરીઓના અધિકારીઓને સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા.

# ચલાલા હરીબા મહિલા કોલેજ ખાતે અબ્દુલ કલામ જન્મજયંતિ ઉજવાઈ

સાવરકુંડલા, તા.૧૯

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા હરીબા મહિલા કેમ્પસ ખાતે અબ્દુલ કલામ યંગ વુમન સાઈન્સ સેન્ટરનું શુભ ઉદઘાટન કલામના જન્મ દિવસ તા. ૧૫/૧૦/૨૪ના રોજ કરાયું હતું. રક્ષાશક્તિ સ્કૂલની દીકરીઓ, સંસ્કૃત શક્તિ ગુરુકુળની દીકરીઓ,



સ્કૂલની દીકરીઓ તથા કોલેજની દીકરીઓ અને મહેમાનોના વરદ હસ્તે સાયન્સ સેન્ટર ખુલ્લું મુકાયું હતું. જેમાં સાયન્સ , મેથ્સ અને સ્પેસના અલગ અલગ વિવિધ સાધનો અને પ્રયોગો ગોઠવવામાં આવ્યા હતા. અને સર્વ મહેમાનો અને બાળકો આ પ્રદર્શન નિહાળી ખુશ થયા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન સંસ્થાના ડાયરેકટ ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા જનકીબેન ભેસાણીયા તથા ધાધલ નિરાલીબેન અને મંગરોળિયા નિધિબેને કર્યું હતું.

# રાજુલામાં તહેવારો દરમિયાન પોલીસ વિભાગની કડક કાર્યવાહી

રાજુલા, તા.૧૯

રાજુલા શહેરમાં આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. રાજુલા પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પી.આઇ. વિજય કાલોદરાએ અને તેમના સ્ટાફે રાજુલા સરકારી હોસ્પિટલ પાસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન નાના બાળકો દ્વારા વાહન ચલાવવું, ત્રણ સવારી સાથે વાહન ચલાવવું,



કાળા કાચવાળી ગાડીઓની તપાસ અને વધુ ઝડપે ચાલતા મોટરસાઈકલો સામે કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# લીલીયા મામલતદાર કચેરીમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરો : વિપુલ દુધાત

**વિપુલ દુધાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવી માંગ કરી**

અમરેલી,તા.૧૯

લીલીયા મામલતદાર કચેરીમાં નવા આધારકાર્ડ કાઢવાનું શરૂ કરાવવા તથા અપડેશન/ ઈ-કેવાયસીની કામગીરીમાં સ્ટાફ વધારવા બાબત. લીલીયા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત દ્વારા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવેલ છે. પત્રમાં જણાવેલ છે કે લીલીયા મામલતદાર કચેરીમાં નવા આધારકાર્ડ કાઢવાનું ઘણા સમયથી બંધ છે જેના કારણે લોકોએ અમરેલી જવુ પડે છે, અમરેલી સુધી જવામાં લોકો ખુબજ હેરાન થાય છે અને ત્યાં પણ ઘણી વખત નેટ કે આધારકાર્ડની વેબસાઈટ બંધ હોય છે. ત્યારે આધારકાર્ડ લગત કામગીરી ના થવાથી



તમામ લોકોને વારંવાર ધકકા ખાવા પડે છે અને લીલીયા તાલુકાની શાળાના બાળકોને શિષ્યવૃતિ માટે આધારકાર્ડ અપડેશન અને ઈ-કેવાયસી માટે તાલુકાની તમામ શાળાઓમાંથી બાળકો મામલતદાર કચેરીમાં આવે છે પરંતુ મામલતદાર કચેરીમાં આધારકાર્ડ અપડેશન અને ઈ-કેવાયસી માટે એક જ સ્ટાફ હોવાથી ખુબજ મોટી લાઈનો થાય છે, બાળકોની સાથે વાલીઓએ પણ ધંધો રોજગાર બંધ રાખીને આવે છે પરંતુ ખુબજ લાંબી લાઈનના કારણે આધારકાર્ડ અપડેશન અને ઈ-કેવાયસીની કામગીરી પૂર્ણ થતી નથી અને બાળકો અને વાલીઓને પણ વારંવાર ધકકા ખાવા પડે છે જેથી જાહેર જનતાના હિતમાં લીલીયા મામલતદાર કચેરીમાં નવા આધારકાર્ડ કાઢવાનું તથા આધારકાર્ડ સુધારા વધારા, અપડેશન અને ઈ-કેવાયસી માટે સ્ટાફ વધારવા જિ.પં.સદસ્ય વિપુલ દુધાતે રજૂઆત કરી છે.

# રાજુલાના ગામો માટે મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક, કુકની ભરતી કરાશે

અમરેલી,તા.૧૯

રાજુલા તાલુકાની ભાક્ષી-૧, હિંડોરણા-૨ પ્રાથમિક શાળા મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક, કુકની આવશ્યકતા હોય પાત્રતા ધરાવતા ઉમેદવારોએ તા.૩૦ ઓક્ટો. સુધીમાં અરજી કરવી. ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૫૫ વર્ષની ઉંમર હોવી જોઈએ. જરુરી નમૂનાનું અરજીપત્રક રાજુલા તાલુકા મામલતદાર કચેરી અથવા જિલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજના, કલેકટર કચેરી અમરેલી ખાતેથી મેળવી લેવું. પત્રકમાં જરુરી વિગતો ભરીને તે તા.૩૦ ઓક્ટો. બપોરના ૨ વાગ્યા સુધીમાં રાજુલા તાલુકા મામલતદાર કચેરી ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે.















# સાવરકુંડલામાં વાવાઝોડાએ ખેડૂતોની કમર તોડી, કરોડોનું નુકસાન

**મોટાભાગનો કપાસ પાણી લાગી જવાથી સુકાઇ ગયો છે અને ખેતરોમાં હજુ પણ પાણી ભરેલા**

સાવરકુંડલા તા.૧૯

સાવરકુંડલા તાલુકામાં ખેડૂતો મગફળી, સોયાબીન, કપાસ અને સરગવાની ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. કેટલાકે તો કેળનું વાવેતર પણ કર્યું હતું. પરંતુ અચાનક આવેલા મીની વાવાઝોડા અને ભારે વરસાદે ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. છેલ્લા દસ દિવસથી પડી રહેલા અવિરત વરસાદને કારણે કપાસના પાકને ભારે નુકસાન થયું છે. મોટાભાગનો કપાસ પાણી લાગી જવાથી સુકાઈ ગયો છે અને ખેતરોમાં હજુ પણ પાણી ભરેલા છે. મગફળીનો પાક તૈયાર થઈ ગયો હોવાથી ખેડૂતોએ દસ દિવસ પહેલાં તેને ખેંચીને પાથરા કર્યા હતા. પરંતુ આ પાથરા છેલ્લા દસ દિવસથી પલળી રહ્યા હોવાથી મગફળી પાથરામાંથી છૂટી પડી ગઈ છે અને ચારોલું બળી ગયું છે.



આથી મગફળી એપીએમસીમાં વેચવા જાય તો તેને યોગ્ય ભાવ નહીં મળે અને પશુઓ માટે ચારોલું પણ બચ્યું નથી. સરગવાની ખેતી કરતા ખેડૂતોની પણ હાલત કફોડી બની છે. સરગવાના છોડ ઢળી ગયા છે અને કેટલાક તૂટી પણ ગયા છે. આમ, કપાસ, મગફળી, સોયાબીન અને સરગવા જેવી તમામ ઉપજમાંથી મળનારી આવક હવે ખેડૂતોના ખિસ્સામાંથી જતી રહી છે. આ વિસ્તારના ખેડૂત અગ્રણી અને એપીએમસી ચેરમેન દીપક માલાણી તેમજ આસપાસના ગામના સરપંચોએ પોતાની વેદના વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, આ નુકસાનને પહોંચી વળવા માટે સરકારે વહેલી તકે સર્વે કરાવવો જોઈએ. ખેડૂતો પાસે પૈસા નહીં હોય તો અનેક પરિવારોની આર્થિક સ્થિતિ બગડશે. આ વિસ્તારના ખેડૂતો અને વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

# ધારીના દુધાળા ગામે ધારાસભ્યની હાજરીમાં સેવાસેતું કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૯



ધારી તાલુકાના દુધાળા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, જિલ્લા પંચાયત સદસ્ય ખોડાભાઈ ભુવા, તાલુકા પંચાયત સદસ્ય જયસુખભાઈ જયાણી, તાલુકા પંચાયત દંડક ભનુભાઈ બાંભરોલીયા, જિલ્લા બેંકના ડિરેક્ટર લાલબાપા નાકરાણી, હર્ષદભાઈ રાવલ, દુધાળા સરપંચ હરેશભાઈ અકબરી, રાજસ્થળી સરપંચ પ્રવીણભાઈ હીરપરા સહિતના આગેવાનો હાજર રહ્યા હતાં. એક જ સ્થળેથી અરજદારોની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# બાબરાના અમરાપરા ગામના યુવાનની બગદાણા સુધી ૪૦મી વખત પદયાત્રા

અમરેલી,તા.૧૯



બાબરાના અમરાપરામાં રહેતા રાજુભાઈ સોરઠીયાએ ૪૦મી વખત બગદાણા સુધીની પદયાત્રા કરી બજરંગદાસ બાપાના દર્શન કર્યા છે. તેમણે ૫૧ વખત પદયાત્રા કરી દર્શન કરવાનો સંકલ્પ કર્યો છે. રાજુભાઈ સોરઠીયા દર વર્ષે પદયાત્રાનું આયોજન કરે છે. અત્યાર સુધી ૪૦ વખત બગદાણા સુધીની પદયાત્રા પૂર્ણ કરી બજરંગદાસ બાપાના દર્શન કરી ચુક્યા છે. તેમજ ૫૧ વખત પગપાળા કરી બજરંગદાસ બાપાના દર્શન કરવાનો સંકલ્પ લીધો છે.

# ધારીના નબાપરામાં શિકારની શોધમાં ચાર સિંહ વાડામાં ઘુસતા ગ્રામજનોમાં ભય



ધારી,તા.૧૯

ધારી તાલુકાના નબાપરામાં ગૌતમભાઈ દાફડાની વાડીમાં પશુઓને બાંધવા માટે બનાવેલા વાડામાં રાત્રિના ત્રણ વાગ્યાના અરસામાં ચાર સિંહ આવ્યા હતા. પરંતુ, વાડામાં પશુઓ ન હોવાથી સિંહ શિકાર કરી શક્યા ન હતા. સિંહના આંટાફેરાની આ ઘટના અહીં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી. જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા સ્થાનિક ખેડૂતો અને માલધારીઓમાં ફફડાટ ફેલાયો છે.


# નોંઘણવદર ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૯૦ બોટલ ઝડપાઈ

બાબરા, તા.૧૯

બાબરાનો નોંઘણવદર ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૯૦ ઝડપાઈ હતી. જયરામભાઈ મામકુભાઈ વાળાના મકાનેથી પોલીસે કુલ ૯૨,૩૩૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. બાબરા પોલીસસ્ટેશનના એએસઆઈ આર વી સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે. મોટા દેવળીયા ગામેથી ૮ લીટર અને ફીફાદ ગામેથી ૨ લીટર મળી કુલ ૧૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



# પત્નીએ પતિને પિયર જવા બસની ટિકિટ કરાવવાનું કહેતા ફડાકા ઝીંક્યા

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી પણ આપી**

બાબરા, તા.૧૯

બાબરાના ઉંટવડ ગામે રહેતી એક પત્નીએ તેના પતિને પિયર જવા માટે બસની ટિકિટ કરાવવાનું કહેતાં સારું નહોતું લાગ્યું અને ઝઘડો કરી લાફા માર્યા હતા. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

બનાવ અંગે મેઘાબેન રવિભાઈ વ્યાસ (ઉ.વ.૨૬)એ લાઠીના અકાળા ગામે રહેતા પતિ રવિભાઈ રાજેન્દ્રભાઈ વ્યાસ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના તેના પતિ અવાર નવાર ફોનમાં વ્યસ્ત હોવાથી પૂછતા હતા. તેમણે પતિને પિયરમાં જવા બસની ટિકિક બુક કરાવવાનું કહેતા આરોપીને સારું નહોતું લાગ્યું અને સાચી-ખોટી વાતો સંભળાવી ઝઘડો કરી લાફા માર્યા હતા. ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.નિર્મળાબેન (ઉ.વ.૭૨) નું તા.૧૮/૧૦/૨૦૨૪ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે વિપુલભાઈ, સ્વ.હીનાબેન, કિરણબેન અને નિશાબેનના માતા તેમજ મિહિરના દાદીમા તથા રૂપલબેનના સાસુમા તેમજ ઉપલેટા નિવાસી સ્વ.રતીલાલ રણછોડદાસ કાછેલાના પુત્રી થાય છે. તેમનું બેસણુ તથા પિયરપક્ષની સાદડી તા. ૧૯/૧૦/૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટ્સ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેકિંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨–૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોનઃ ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/- | કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ –૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ –૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo. 98242 65665

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૨/૨૦૨૪

પ્રતિ,
શ્રી ઉકાભાઈ મુળાભાઈ સોસા,
રહે.નાનાવાડા, ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી, એમ.એમ.કાતિરા, રહે. કોડીનાર

-વિરૂધ્ધ-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા
તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનાવાડા રહીશ શ્રી ડાયાભાઈ મુળાભાઈ સોસા તથા શ્રી અમરબેન ડાયાભાઈ સોસાની પુત્રી ગીતાબેન ડાયાભાઈ સોસાનો જન્મ તા.૧૫/૧૧/૧૯૭૩ ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના સને.૧૯૭૩ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, શ્રામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# લીલીયા તાલુકા સફાઈ કામદાર સેલની વાલ્મિકી સમાજ માટે કમ્યુનિટી હોલની માંગ

લીલીયા, તા.૧૯

લીલીયા તાલુકા સફાઈ કામદાર સેલે વાલ્મિકી સમાજ માટે કમ્યુનિટી હોલની માંગ સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રજૂઆત કરી છે. સેલના પ્રતિનિધિઓએ ધારાસભ્યના અટલધારા કાર્યાલય ખાતે પત્ર પાઠવ્યો હતો. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે લીલીયા તાલુકાના ૩૭ ગામોના વાલ્મિકી સમાજ માટે એક કમ્યુનિટી હોલની જરૂર છે. હાલમાં સામાજિક પ્રસંગો માટે યોગ્ય જગ્યાનો અભાવ છે અને ઘણી વખત વાડી ભાડે લેવામાં પણ મુશ્કેલી પડે છે. આ કારણે સમાજના કાર્યક્રમો યોજવામાં મુશ્કેલી પડે છે. સેલના પ્રતિનિધિઓએ માંગ કરી છે કે લીલીયા મોટા પ્રોપરમાં કમ્યુનિટી હોલ બનાવવામાં આવે, જેથી સમાજના સારા-નરસા પ્રસંગો વ્યવસ્થિત રીતે ઉજવી શકાય. આ રજૂઆતમાં અનિલભાઈ વાળા, રાજુભાઈ વાળા, વિશાલભાઈ વાળા, પંકજભાઈ વાળા, ભાવેશભાઈ વાળોદરા અને રાજુભાઈ ચૌહાણ સહિતના આગેવાનો જોડાયા હતા. સફાઈ કામદાર સેલે આ મુદ્દે લીલીયા ગ્રામ પંચાયતને પણ અલગથી રજૂઆત કરી છે.



# રાજુલાના રહીશોની ગંદા પાણી અને ગટર સમસ્યા અંગે નાયબ કલેક્ટરને રજૂઆત

રાજુલા, તા.૧૯

રાજુલા શહેરના શુભમ નગર, શ્રીજી નગર, સદભાવ સોસાયટી અને ગોકુળ નગરના રહીશોએ તારીખ ૧૮/૧૦/૨૦૨૪ના રોજ નાયબ કલેક્ટરને એક પત્ર લખ્યો છે, જેમાં તેમના વિસ્તારમાં ગટર અને ખાણના ગંદા પાણીની સમસ્યા અંગે ધ્યાન દોર્યું છે. પત્રમાં જણાવ્યા અનુસાર, વડનગરમાંથી આવતું પથ્થરની ખાણનું પાણી અને ગટરનું ગંદુ પાણી તેમના વિસ્તારમાં વહે છે. આ ગંદુ પાણી રોડ પર વહે છે અને કેટલીક જગ્યાએ પાણીની લાઈનો તૂટી ગયેલી હોવાથી પાણીનો બિનજરૂરી વેડફાટ થાય છે. આના કારણે કેટલાક સ્થળોએ પાણી ભરાઈ જતું હોવાથી ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. રહીશોએ ચિંતા વ્યક્ત કરી છે કે આ પરિસ્થિતિને કારણે ગંભીર રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. તેમણે જણાવ્યું છે કે આ સમસ્યા ઘણા વર્ષોથી ચાલી રહી છે અને અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કામગીરી થઈ નથી. પત્રમાં નાયબ કલેક્ટરને સ્થળ નિરીક્ષણ કરવા અને સમસ્યાનું નિરાકરણ લાવવા વિનંતી કરવામાં આવી છે.



તસવીર : ગોપાલ રાઠોડ

# બગસરામાં ફોરવ્હીલની ટક્કરથી એકનું મોત

બગસરા, તા.૧૯

બગસરા શહેરમાં ફોર વ્હીલની ટક્કરથી એક યુવકનું મોત થયું હતું. બનાવ સંદર્ભે વિનુભાઈ દેવાભાઈ મકવાણા (ઉ.વ.૪૧)એ જુની હળીયાદ ગામના ઈકો કાર ચાલક રહેમાન અલ્લારખભાઈ ફકીર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાવાળી ઈકો કાર રજી. નં.GJ-૧૬-BK-૨૩૪૦ ન ી પુરઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી તેના દિકરા પ્રિન્સ વિનુભાઈ મકવાણા (ઉ.વ.૧૬) ની મોટર સાયકલને ટક્કર મારી હતી. જેમાં તેમના દિકરા પ્રિન્સને માથામાં તથા ડાબા હાથ તથા પગમાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાના બારમણ ગામે પશુપાલક સાથે સમાધાનના બહાને એક લાખની છેતરપિંડી

ખાંભા, તા.૧૯

ખાંભાના નાના બારમણ ગામે એક પુરુષની સાથે તેમના ગામના પુરુષે રૂ. એક લાખની ઠગાઈ આચરી હતી. દેવશીભાઈ મનુભાઈ (ઉ.વ.૪૮)એ હરેશભાઈ સુમરાજભાઈ કોટીલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાહેદ-શૈલેષભાઈ લાભુભાઈ મકવાણાને તાંત્રિક વિધિના બહાને ફરી. પાસેથી રૂ.૧,૯૦,૫૦૦ લેતા તેમણે તેની વિરૂધ્ધ ફરીયાદ કરી હતી. આરોપીએ પૈસા પતાવી આપવાનું કહી અરજી પરત ખેંચી લઈ રૂ.૧,૦૦,૦૦૦ લઈ સમધાન કરવાનું કહેતા તેમની વાત માની અરજી પાછી ખેંચી લઈ સમાધાન કર્યું હતું. બાદમાં આરોપીએ સાહેદ શૈલેષભાઈના પિતા લાભુભાઈ મોહનભાઈ મકવાણા તથા તેમના કાકા રમેશભાઈ મોહનભાઈ મકવાણાએ પાસેથી ફરીયાદી વતી તેમને રૂ.૧.૦૦,૦૦૦આપવાનું નક્કી કરી તે અંગે સ્ટેમ્પમાં લખાણ કરાવી તેમની તથા ભાવેશ બી.રાઠોડના નામના વ્યક્તિની સાક્ષીમાં તેમની પાસેથી ફરી.ના રૂ.૧,૦૦,૦૦૦ અપ્રમાણિકતાથી મેળવી તેમની બન્નેની સંમતિ પત્રકમાં સહીઓ લઈ તે પૈસા તેમના ખાતામાં બદદાનતથી જમા કરાવી તે પૈસા તેમને પાછા આપવાનું પ્રલોભન આપી, તેમની પાસે રાખી ઠગાઈ છેતરપિંડી કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.એચ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામે જૂના મનદુ:ખમાં યુવકને લોખંડના પાઈપથી ફટકારી ધમકી આપી

**યુવક ખેતરેથી આવતો હતો**

ખાંભા, તા.૧૯

ખાંભાના ડેડાણ ગામે રહેતા એક યુવકને જૂના મનદુ:ખમાં ફટકારવામાં આવ્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભાવેશભાઈ વલ્લભભાઈ મકવાણા (ઉ.વ.૨૫)એ મુકેશભાઈ બાલુભાઈ ખસીયા, રાહુલભાઈ હિંમતભાઈ મકવાણા સામે નોધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને મુકેશભાઈ ખસીયા સાથે અકાદ મહિના પહેલા બોલાચાલી થઈ હતી. તેઓ તેમના ખેતરે જતા હતા ત્યારે આરોપીએ જૂના મનદુ:ખમાં તેમને ઉભા રખાવી પગમાં લોખંડના પાઈપ વડે માર માર્યો હતો. તેમજ જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીખાળા ગામે ખરીફ પાક સીઝન રજીસ્ટ્રેશન અને સદસ્યતા અભિયાન કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૧૯

ભારત સરકારએ લોંચ કરેલા ખેડૂત રજીસ્ટ્રેશન, ખરીફ પાક સિઝન, મુખ્યમંત્રીના કાર્યક્રમ અને સદસ્યતા અભિયાનના સંયુકત સંદેશા માટે તા.૧૭-૧૦-૨૪ ના રોજ લીખાળા ગામે યોજાયેલી મીટીંગમા સાવરકુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી અને ડીરેકટર રમેશભાઈ રાદડિયા, યાર્ડના કર્મચારી વનરાજ ખુમાણ તથા લીખાળા ગ્રામ પંચાયતના સરપંચ મનસુખભાઈ સાવલીયા, ઉપસરપંચ ગૌતમભાઈ, ભાજપ અગ્રણી નીલેશભાઈ કચ્છી, સહકારી મંડળીના પ્રમુખ છગનભાઈ તથા મંત્રી બાબુભાઈ રાદડિયા તથા ખેડૂતભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મોટા આગરીયા ગામે પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**રાજુલાના પીએસઆઈએ પરિણીતાના મોત અંગે તપાસ શરૂ કરી**

રાજુલા, તા.૧૯

રાજુલાના મોટા આગરીયા ગામે રહેતી એક પરિણીતાએ પતરાની ઈંગલ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

બનાવ અંગે નારણભાઈ ગોવિંદભાઈ સોલંકી (ઉ.વ.૭૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી મુનીબેન જીલુભાઈ પરમાર (ઉ.વ.૩૫) મોટા આગરીયા ગામે પતિના ઘરે એકલી હતી ત્યારે પોતાની મેળે ગળામાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.

રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં વ્યાજની પઠાણી ઉઘરાણી કરી યુવકને પરિવાર સહિત જાનથી મારવાની ધમકી આપી

**૧ કરોડ ૨૯ લાખ ૬૫ હજાર ચૂકવવા છતાં ત્રાસ ઓછો ન થયો**

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદ પંથકમાં વ્યાજખોરાનો ફરી ત્રાસ સામે આવ્યો છે. એક યુવકે વ્યાજે લીધેલી રકમના ડબલ પૈસા ચૂકવી આપ્યા હોવા છતાં તેને તથા તેના પરિવારને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે અજીમભાઈ સલીમભાઈ ભટ્ટી (ઉ.વ.૪૦)એ સમીરખાન નજીરખાન પઠાણ, ઈકબાલ ઉર્ફે ગંગો જાકુભાઈ થૈયમ, એજાજ ઉર્ફે માથાળો હસનભાઈ થૈયમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ પાસે નાણા ધીરધારનું કોઈ લાયસન્સ ન હોવા છતા ફરીયાદીને કુલ રૂ.૬૯,૫૦,૦૦૦ ઉંચા વ્યાજ દરે આપી ઉ વ્યાજે પેટે રૂ.૬૦,૧૫,૦૦૦ ઉઘરાવી એમ કુલ રૂ.૧,૨૯,૬૫,૦૦૦ ચુકવી આપ્યા હોવા છતા અવાર-નવાર તેમની દુકાને વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જેમફાવે તેમ ગાળો આપીને તેમને તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ પોલીસ સ્ટેશનના એએસઆઈ બીએમ વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૩૬ |
| જુવાર સફેદ | ૬૫૨ | ૮૦૫ |
| જુવાર લાલ | ૬૦૦ | ૮૧૮ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૮૫ | ૫૨૫ |
| તુવેર | ૧૩૮૦ | ૧૮૭૦ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૨૦૫૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૩૭૫ | ૧૭૩૬ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૧૪૬૧ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૧૦૧૫ | ૧૨૦૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તલી | ૨૦૨૧ | ૨૪૯૦ |
| સુરજમુખી | ૫૭૪ | ૫૭૪ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૩ |
| સુવા | ૧૫૭૦ | ૧૫૭૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૫૪ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૨૩૨ | ૩૮૧૧ |
| લસણ | ૩૭૦૦ | ૫૪૦૦ |
| ધાણા | ૧૧૪૧ | ૧૪૩૫ |
| ધાણી | ૧૩૧૦ | ૧૪૬૦ |
| વરીયાળી | ૧૦૫૫ | ૧૩૭૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૭૫૦ |
| રાય | ૧૧૧૦ | ૧૨૬૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૨૨ |

| | | |
|---|---|---|
| ઇસબગુલ | ૨૧૮૦ | ૨૧૮૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૯૧ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૪૪૮૫ | ૫૧૧૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૩૨ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૭૦ |
| ડુંગળી સુકી | ૨૭૦ | ૯૬૦ |
| ટમેટા | ૫૫૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૧૧૩૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૫૫૦ | ૮૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૫૫૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૫૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૪૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૯૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળાલીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| બીટ | ૬૦૦ | ૭૫૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૭૫૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૦૦ |
| નવી ડુંગળી | ૩૦૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૪૦૦૦ | ૫૧૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૩૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૬૫૧ |
| શિંગ મોટી | ૭૨૨ | ૧૧૦૮ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૭૯૦ | ૨૯૯૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૮૦૫ |
| તલ કાશ્મીરી | ૨૬૧૦ | ૩૩૦૪ |
| બાજરો | ૪૧૨ | ૪૧૨ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૬૭૩ |
| ઘઉં લોકવન | ૫૮૨ | ૬૬૪ |
| ચણા | ૮૪૦ | ૧૪૦૧ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૫૦૦ |
| કપાસ | ૭૪૦ | ૧૬૫૧ |
| ધાણા | ૧૦૯૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૬ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૪૮૭૫ |
| **બાબરા** | | |

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૩૮૬ | ૧૬૨૪ |
| કપાસ કોડી | ૧૦૭૦ | ૧૨૯૦ |
| મગફળી નવી | ૮૬૧ | ૧૦૭૯ |
| મગ | ૧૩૪૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૫૧૦ |
| ઘઉં | ૪૮૯ | ૬૩૧ |
| તલ સફેદ | ૧૭૫૯ | ૨૫૧૧ |
| જીરૂ | ૩૯૪૦ | ૪૫૮૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૦૫ |
| કપાસ સી ગ્રેડ | ૧૦૦ | ૮૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૦૧ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૧૩૧ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૩૨૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૭૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૬૧ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૮ |
| બાજરો | ૪૧૨ | ૫૦૦ |
| જુવાર | ૪૨૧ | ૭૮૧ |
| અડદ | ૧૧૯૫ | ૧૬૨૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૫૫૭ |
| ધાણા | ૧૦૬૫ | --- |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૯ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| મગફળી | ૭૮૩ | ૯૪૧ |
| અડદ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| કાળા તલ | ૩૫૫૦ | ૩૫૫૦ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૬૫ | ૭૫૦ |

| | | |
|---|---|---|
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૭૬૫ | ૧૨૦૦ |
| મગફળી ૩૨ નં. | ૭૦૦ | ૯૫૭ |
| બાજરી | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં | ૪૮૦ | ૬૨૦ |
| તલ સફેદ | ૨૦૨૫ | ૨૩૬૦ |
| સોયાબીન | ૬૩૬ | ૮૨૧ |
| જુવાર | ૬૮૦ | ૮૦૦ |
| અડદ | ૬૫૦ | ૧૬૭૦ |
| રજકો | ૩૨૦૦ | ૪૮૭૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૫૦ | ૭૩૫ |
| તલ સફેદ | ૨૦૩૬ | ૨૪૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| બાજરો | ૪૮૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૩ |
| જુવાર | ૭૦૭ | ૭૬૧ |
| મગ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| અડદ | ૯૭૧ | ૧૪૫૦ |
| ચણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| જીરૂ | ૩૮૩૮ | ૩૮૩૮ |
| સોયાબીન | ૭૧૧ | ૭૭૯ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૧૭ |
| ઘઉં લોકવન | ૩૨૫ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૨૫ | ૬૨૫ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૭૦૦ |
| ચણા | ૧૦૯૬ | ૧૩૦૦ |
| મેથી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| અડદ | ૯૩૫ | ૧૧૯૫ |
| ધાણા | ૧૦૭૯ | ૧૧૭૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૩૧ |

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૯૧૬ |
| તલ સફેદ | ૧૭૪૫ | ૨૦૦૦ |
| મગ | ૧૫૫૪ | ૧૫૫૪ |
| જુવાર | ૩૦૦ | ૭૪૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૫૦ | ૧૬૩૫ |
| બાજરો | ૧૭૦ | ૫૦૫ |
| ઘઉં | ૫૫૫ | ૬૨૫ |
| અડદ | ૯૦૦ | ૧૬૪૦ |
| ચોળી | ૧૨૦૦ | ૨૩૬૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૫ |
| એરંડા | ૧૧૪૫ | ૧૨૭૦ |
| રાયડો | ૭૮૦ | ૧૦૮૧ |
| રાઈ | ૧૦૫૦ | ૧૧૭૦ |
| લસણ | ૨૯૦૦ | ૪૪૪૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૮૭૫ |
| અજમો | ૧૮૦૦ | ૩૨૧૫ |
| ધાણા | ૫૦૦ | ૧૩૪૫ |
| ડુંગળી સૂકી | ૨૭૦ | ૯૫૫ |
| સોયાબીન | ૬૩૦ | ૮૩૫ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૬૧૬ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૬૮ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૨૯૧ |
| સિંગદાણા જાડા | ૧૦૭૧ | ૧૩૨૧ |
| સિંગ ફાડીયા | ૯૫૧ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૧ | ૧૨૭૬ |
| તલ કાળા | ૩૦૫૧ | ૩૭૭૬ |
| જીરૂ | ૩૨૭૬ | ૪૮૫૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૨૨૬ |
| ધાણા | ૮૦૦ | ૧૫૫૧ |

| | | |
|---|---|---|
| લસણ સુકું | ૧૫૪૧ | ૫૧૯૧ |
| ડુંગળી લાલ | ૨૭૧ | ૮૮૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૫૦૧ | ૧૮૦૧ |
| રાય | ૯૨૬ | ૧૨૬૧ |
| મેથી | ૯૦૧ | ૧૦૫૧ |
| સુવાદાણા | ૧૪૦૧ | ૧૮૦૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૨૨૧ | ૨૬૧૧ |
| મગફળી ૬૬ | ૧૦૦૦ | ૨૦૬૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૬૧ |
| ધાણી | ૯૦૦ | ૧૬૭૧ |
| બાજરો | ૩૭૬ | ૪૮૧ |
| જુવાર | ૭૨૧ | ૭૪૧ |
| મગ | ૧૨૦૧ | ૧૬૩૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૭૧ |
| વાલ | ૭૦૧ | ૧૭૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૯૨૧ |
| ગોગળી | ૫૫૧ | ૯૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૪૧૦ | ૧૧૦૦ |
| મગફળી | ૭૫૦ | ૭૫૦ |
| અડદ | ૮૦૦ | ૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૬૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૨૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૧ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૧૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૨ |


06
લઘુ નવલકથા : વીકીને જોઇને જીગર ગભરાઇ ગયો


06
સપ્તરંગ : દરેક ગુજરાતી પરિવાર આરોગ્યના ધક્કે ચડેલો કેમ છે ?

# બાબા સિદ્દિકી: ડ્રગ્સ, દાઉદ અને ધારાવી પ્રોજેક્ટનો કાળો ઈતિહાસ

વિચાર વલોણું
જયવંત પંડ્યા


બાબા સિદ્દિકી નામના એક પૂર્વ ધારાસભ્યની હત્યા થઈ ગઈ અને ચેનલોએ એટલું ગ્લૉરિફાય કરવાનું ચાલુ કરી દીધું કે મહારાષ્ટ્ર સરકારે પણ તેમને રાજકીય સન્માન સાથે વિદાય આપી. બાબા સિદ્દિકીની હત્યા થઈ છે તેમ જાણ થતાં સલમાન ખાન, શિલ્પા શેટ્ટી વગેરે ફિલ્મ કલાકારોએ તેમના ઘરની મુલાકાત લીધી. આ ફિલ્મ કલાકારો સ્વાર્થ વગર પોતાના જાતભાઈઓની સ્મશાનયાત્રામાં નથી જતા, તો પછી બાબા સિદ્દિકી એવા કયા મોટા નેતા હતા કે તેમની હત્યાનો શોક વ્યક્ત કરવા તેઓ પ્રત્યક્ષ ગયાં? આ માટે બાબા સિદ્દિકી, ઉર્દૂવુડ અને દાઉદ ગેંગની સાંઠગાંઠને ખોલવી પડશે.

દાઉદ ગેંગનું વર્ચસ્વ ૧૯૮૦ના ઉત્તરાર્ધમાં શરૂ થવા લાગ્યું હતું. શારજાહમાં અનિલ કપૂર, સંજય ખાન, મંદાકિની વગેરે ફિલ્મ કલાકારો દાઉદ ઈબ્રાહિમ પડખે બેસીને મેચ જોવામાં ગર્વ અનુભવતાં હતાં. દાઉદની પાર્ટીઓમાં નાચતાં-ગાતાં હતાં. ડિસેમ્બર ૧૯૯૨માં અયોધ્યામાં જર્જરિત ઢાંચો કારસેવકોએ તોડી પાડ્યો. આનો બદલો લેવા પાકિસ્તાનની આઈએસઆઈના સંકેત પર દાઉદ ઈબ્રાહિમે મુંબઈમાં માર્ચ ૧૯૯૩માં શ્રેણીબદ્ધ બૉમ્બ વિસ્ફોટ કરાવ્યા. આ જ સમયગાળામાં, દિવ્યા ભારતી નામની એક આશાસ્પદ અભિનેત્રીનું તેની પાંચમા માળે બાલ્કનીમાંથી પડી મૃત્યુ થયું. કહેવાય છે કે તેને તેના પતિ (તે વખતે દિવ્યાની આયુ કેવળ ૧૯ વર્ષની જ હતી. આટલી આયુએ યુવક કે યુવતી સ્નાતક થતાં હોય છે. અત્યારે તો આ વયે લગ્નની વાત કરીએ તો ગાંડા ગણવામાં આવે.) સાજિદ નડિયાદવાલાના દાઉદ ઈબ્રાહિમ સાથેના સંબંધોની જાણ થઈ ગઈ હતી.

પરંતુ બાબા સિદ્દિકીની હત્યા પર રોકકળ કરનારી રુદાલી ગેંગ તે વખતે દિવ્યા ભારતી પર મૂંગી થઈને રહી ગઈ. તે પછી ૧૯૯૭માં પોતાની ઑડિયો અને વીડિયો કેસેટ દ્વારા અનેક હિન્દુ દેવી-દેવતાનાં ભજનો બહાર પાડનાર તેમજ કેસેટને સસ્તી બનાવનાર ગુલશનકુમારની હત્યા થઈ ગઈ. આ રુદાલી ગેંગ તે વખતે પણ મૂંગી રહી. એટલું જ નહીં, ગુલશનકુમારની હત્યાના મુખ્ય આરોપી નદીમ સૈફી (નદીમ-શ્રવણ) ભારત છોડી લંડન ભાગી ગયો. તે પછી પણ નદીમ-શ્રવણને આ ઉર્દૂવુડે ૩૭ ફિલ્મોમાં કામ આપી તેની પાછળ ઊભું રહ્યું, ગુલશનકુમાર પાછળ નહીં! આ નદીમના ચંગુલમાંથી પોતાની દીકરી પ્રતિભાસિંહાને છોડાવવા અભિનેત્રી માલાસિંહાએ બાળાસાહેબ ઠાકરેની મદદ લીધી હતી. આ પહેલાં માલાસિંહાએ પત્રકાર પરિષદ કરીને નદીમ પર અપહરણ અને બળાત્કારના આક્ષેપ કર્યા હતા.

એ પછી પ્રતિભાસિંહા પ્રતિભાવાન હોવા છતાં તેને કામ મળતું બંધ થઈ ગયું! ફિલ્મ ઉદ્યોગ ત્યારે પણ મૌન બનીને તમાશો જોતું રહ્યું હતું.

૧૯૯૭માં જ એક સફળ હિન્દુ નિર્માતા મૂકેશ દુગ્ગલની બાબા સિદ્દિકીની જેમ જ તેમની ઑફિસની બહાર જ હત્યા થઈ ગઈ. મૂકેશ દુગ્ગલે સફળ સંગીતમય 'સાથી' (તેનાં ગીતો આજે પણ જાણીતાં છે- તો સાથી કોઈ ભૂલા યાદ આયા, આજ હમ તુમ ઓ સનમ), દિવ્યા ભારતી-પૃથ્વીની સંગીતમય 'દિલ કા ક્યા કુસૂર', સુનિલ શેટ્ટીની બેવડી ભૂમિકાવાળી 'ગોપીકિશન' જેવી હિટ ફિલ્મો નિર્માણ કરી હતી. અબુ સાલેમની મદદથી મોનિકા બેદીએ તેની હત્યા કરાવી નાખી. પરંતુ ફિલ્મ જગત ત્યારે મૌન બની ગયું.

આ રીતે દાઉદ ગેંગનો કબજો હિન્દી ફિલ્મી જગત પર થતો ગયો. હિન્દુ અને હિન્દુવાદી નિર્માતા-નિર્દેશકો-અભિનેતાની હત્યા થતી રહી. રાકેશ રોશનને ત્યાં સુધી વાંધો ન આવ્યો, જ્યાં સુધી તેમણે તેમના દીકરા ઋત્વિક રોશનને લઈ ફિલ્મ ન બનાવી. 'કહો ના પ્યાર હૈ' સુપરડુપર હિટ થતાં, ત્રણેય ખાનનું સામ્રાજ્ય ભયમાં આવી ગયું. ૨૧ જાન્યુઆરી ૨૦૦૦એ એટલે કે 'કહો ના પ્યાર હૈ'ની રિલીઝના એક અઠવાડિયામાં જ, રાકેશ રોશન પર જીવલેણ આક્રમણ કરાયું. ફિલ્મ ઉદ્યોગ ત્યારે પણ મૌન રહ્યું.

આ જ રીતે 'ત્રિદેવ', 'વિશ્વાત્મા', 'ગુપ્ત' વગેરે સફળ ફિલ્મોના નિર્માતા-નિર્દેશક રાજીવ રાય પર જીવલેણ આક્રમણ થયું અને તેમને ભારત છોડી લંડન સ્થાયી થવું પડ્યું. આ ઉર્દૂવુડ ત્યારે પણ મૌન રહ્યું. અત્યારે જે ફિલ્મ કલાકારો છાશવારે કઠુઆ બળાત્કાર કે હમાસના ત્રાસવાદીઓના સમર્થનમાં 'ઑલ આય્ઝ ઑન રાફા' જેવા હેશટેગ સાથે કૂદી પડે છે કે મુંબઈમાં મેટ્રૉના કામની વિરુદ્ધ પર્યાવરણવાદી બની જાય છે તેઓ ત્યારે મૌન થઈ ગયાં હતાં.

આ બધાના કારણે સંજય દત્ત, મહેશ માંજરેકર, સંજય ગુપ્તા, સલમાન ખાન, શાહરુખ ખાન વગેરેને મજા પડી ગઈ. આમીર ખાને બહુ સલુકાઈથી પોતાની જાતને આ બધાથી અળગી રાખવામાં (અંદરખાને જે હોય તે) સફળતા મેળવી. સંજય દત્તની અને સલમાન ખાનની તો ઑડિયો ટેપ બહાર આવી હતી.

'ચોરી ચોરી ચૂપકે ચૂપકે'ની અભિનેત્રી પ્રીતિ ઝિંટા એક માત્ર વીર અભિનેત્રી હતી જેણે દાઉદ ગેંગ સામે પોતાનું નિવેદન ફેરવી તોળ્યું નહોતું. પરંતુ તેને ફિલ્મો મળતી બંધ કરી દેવાઈ. આ રીતે જેણે જેણે પાકિસ્તાન વિરુદ્ધ સ્વર બુલંદ કર્યો, તેને કામ મળતું બંધ થઈ ગયું. પછી તે અભિજીત ભટ્ટાચાર્ય હોય કે સોનુ નિગમ.

સલમાન ખાને ઐશ્વર્યા રાયનો સાથ આપવા માટે પ્રતિભાવાન અભિનેતા વિવેક ઓબેરોયની કારકિર્દી સમાપ્ત કરી દીધી. તેણે જાહેરમાં સ્ટેજ પર્ફૉર્મન્સમાં સલમાનની કાન પકડીને ક્ષમા માગવી પડી. શાહરુખ ખાન અમિતાભ બચ્ચન સામે પડ્યો હતો. પરંતુ અમિતાભનું તપ જોરદાર છે. આભા જોરદાર છે. શાહરુખે 'કેબીસી' છિનવ્યું, અનેક જાહેરખબર છિનવી પરંતુ કંઈ ચાલ્યું નહીં. આમીર ખાન તો થૂકજિહાદ તાજેતરનાં વર્ષોમાં બહાર આવી તે પહેલાંના અનેક વર્ષોથી આ કરતો આવ્યો છે. અભિનેત્રી માધુરી દીક્ષિતથી માંડીને અનેક અભિનેત્રીઓના હાથ જોવાના બહાને તેમના હાથમાં થૂકતો. 'જો જિતા વો હી સિકંદર'નાં કલાકારો ફરીથી ભેગાં થયાં ત્યારે આમીરે સગર્વ આ વાત કહી અને એવી શેખી મારી કે તે જેના હાથમાં થૂંકે છે તે અભિનેત્રી સફળ નિવડે છે! બોલો! અને ત્યાં ઉપસ્થિત કલાકારોએ



તેની વાતને વધાવી લીધી. મીડિયાએ પણ કોઈ હોબાળો ન કર્યો.

આ ખાન કલાકારોએ કોઈ પ્રતિભાવાન અને આપબળે આગળ વધવા માગતા હિન્દુ કલાકારને આગળ આવવા નથી દીધો. નીલ નીતિન મૂકેશ એ ગાયક મૂકેશનો પૌત્ર અને તેવા જ સરસ ગાયક નીતિન મૂકેશનો પુત્ર થાય. શાહરુખ ખાને એક એવૉર્ડ સમારંભમાં નીલ નીતિન મૂકેશનું તેના નામ માટે અપમાન કર્યું કે તેને ત્રણ નામ છે! અરે ડફોળ! નીલ બીજા અભિનેતા જેવો નથી જે પોતાનું નામ જ રાખે કે નામ બદલી નાખે. નીલ તેનું નામ છે, નીતિન તેના પિતાનું અને મૂકેશ એ તેના દાદાના નામ પરથી અપનાવેલી અટક છે. એમ તો સલમાન ખાનનું આખું નામ અબ્દુલ રશીદ સલીમ સલમાન ખાન છે, આમીર ખાનનું પૂરું નામ મોહમ્મદ આમીર હુસૈન ખાન છે. નામનો ઉપહાસ હોય?

આ રીતે દાઉદના વર્ચસ્વમાં કડીરૂપ હતો બાબા સિદ્દિકી. પૂર્વ વરિષ્ઠ પોલીસ અધિકારી પી. કે. જૈનનું કહેવું છે કે બાબા સિદ્દિકીની હત્યા સલમાન ખાન સાથેની મિત્રતાના કારણે નથી થઈ. સ્લમ રિહેબિલેશન ઑથૉરિટી (એસઆરએ)ના પ્રૉજેક્ટ બાબા સિદ્દિકીને નહોતા મળ્યા. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નેતા અને વિધાન પરિષદના સભ્ય અનિલ પરબ એસઆરએના રૂ. ૩,૦૦૦ કરોડના સંત જ્ઞાનેશ્વર પ્રૉજેક્ટને સંભાળતા હતા, આ વાત બાબા અને તેના દીકરા જિશાનને રુચિકર નહોતી. આથી જિશાન કેટલાક લોકોને લઈ ત્યાં ધમકી આપવા ગયો હતો. આથી જિશાન સામે એસઆરએસના કામમાં અડચણ કરવાની ફરિયાદ નોંધાઈ હતી. ઝી ન્યૂઝના રિપૉર્ટ મુજબ, બાબા સિદ્દિકી બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસ્લિમ ઘૂસણખોરોને બાંદ્રા અને મુંબઈમાં વસાવવામાં ચાવીરૂપ હતો. આ રીતે પોતાની મત બૅંક ઊભી કરી રહ્યો હતો. ૨૦૨૪ની શરૂઆત સુધી તે કૉંગ્રેસમાં હતો.

લાંબા સમયથી અંધારી દુનિયા અને મુંબઈ અપરાધને કવર કરતા વરિષ્ઠ પત્રકાર બાલકૃષ્ણન મુજબ, ડેપ્યૂટી કમિશનર અરુપ પટનાયકે જ્યારે માહિતી મળતાં એક ગાડીનો પીછો કર્યો હતો તો જાણવા મળ્યું કે તેમાં ડ્રગ માફિયા ફિલ્લૂ ખાન છે. તેને પકડવામાં આવ્યો તો બાબા સિદ્દિકીનું નામ ઉભરીને આવ્યું હતું. (ગૂગલમાં ફિલ્લૂ ખાન વિશે શોધ કરશો તો માહિતી મળશે જ નહીં. ગૂગલ આ લોકોને સંપૂર્ણ શરણાગત થઈ ગયું છે.) દાઉદના નજીકના ગુંડા ઈકબાલ મિર્ચીના મની લૉન્ડરિંગ કેસમાં બાબા સિદ્દિકીના સાળા રણજીત બિન્દ્રાનું નામ આવ્યું હતું. હા, બાબા સિદ્દિકીએ હિન્દુ અલકા બિન્દ્રા સાથે લગ્ન કર્યાં હતાં, પરંતુ તેને નામ અને પંથ બદલી શેહઝાન કરવા ફરજ પાડી હતી.

બાબા સિદ્દિકી પોતે ૨૦૦૦થી ૨૦૦૪ દરમિયાન કૉંગ્રેસ-એનસીપીની સરકાર વખતે મહારાષ્ટ્ર હાઉસિંગ એરિયા ડેવલપમેન્ટ ઑથૉરિટીના અધ્યક્ષ રહ્યા હતા. તે સમયે તેમના પર પદના દુરુપયોગના ગંભીર આક્ષેપો લાગ્યા હતા કે એક કંપનીને લાભ કરાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આ કંપની પડદા પાછળ બાબા સિદ્દિકીની જ હતી. ૨૦૧૮માં ઈડીએ બાબા સિદ્દિકીની રૂ. ૪૬૨ કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી હતી. એક સામાન્ય ધારાસભ્ય પાસે આટલી બધી સંપત્તિ ક્યાંથી આવી તે પ્રશ્ન બાબા સિદ્દિકીની હત્યા પછી કોઈએ પૂછ્યો જ નહીં!

બાલકૃષ્ણન મુજબ, બે બિઝનેસમેન, જે એક સમયે બાબા સિદ્દિકીની બહુ નિકટ હતા, તેમને બાબા સાથે પૈસા અંગે મતભેદ થયા હતા. બાબા પૈસા પાછા આપતો નહોતો. આથી તેમણે દાઉદને કામ સોંપ્યું. દાઉદે છોટા શકીલને અને છોટા શકીલે ૪૦-૫૦ ફૉન કર્યા હતા. દિલ્લીમાં આ જાણ થઈ. ગૃહ મંત્રાલયે તેમને બોલાવ્યા અને પૂછ્યું કે તમને ધમકીના આટલા ફૉન કેમ આવે છે? તમારા પ્રાણ પર સંકટ છે તો તમે ફરિયાદ કેમ નથી કરતા? બાબાએ સત્તાવાર ફરિયાદ નોંધાવવા સ્પષ્ટ ના પાડી દીધી હતી. કેમ? દાઉદનો ભય? કે બીજું કંઈ?

બાબા સિદ્દિકી પાસે એવો કયો જાદુ હતો કે કેટરીના કૈફના મુદ્દે એકબીજા સાથે શારીરિક મારામારી કરનાર શાહરુખ ખાન અને સલમાન ખાન બાબા સિદ્દિકી બોલાવે એટલે તેમની ઈફ્તાર પાર્ટીમાં જાય અને ત્યાં એવો કયો મંત્ર તેમણે બંનેના કાનમાં ફૂંક્યો કે બંને વચ્ચે સમાધાન થઈ ગયું? એ હદે સમાધાન થયું કે પછી બંને એકબીજાને પ્રમૉટ કરવા લાગ્યા. સલમાન ખાન શાહરુખની ફિલ્મ 'પઠાણ' ફિલ્મમાં મહેમાન ભૂમિકા કરવા લાગ્યો!

પૂર્વ પોલીસ અધિકારી પી. કે. જૈનના કહેવા પ્રમાણે, દાઉદના પૈસા ફિલ્મોદ્યોગ, રિયલ એસ્ટેટ, હીરા ઉદ્યોગ, શેરબજારમાં બાબા સિદ્દિકી જેવા લોકોના માધ્યમથી જતા હતા. 'ઝી ન્યૂઝ'ના રિપૉર્ટ મુજબ, બાંદ્રા કે તેની આસપાસ બિલ્ડરને કોઈ પ્રૉજેક્ટ કરવો હોય તો બાબા સિદ્દિકીની અનુમતિ વગર તે શક્ય નહોતું. આવા વ્યક્તિને મહારાષ્ટ્રની શિંદે-ફડણવીસ-અજિત પવાર સરકાર રાજકીય સન્માન આપે, જે સન્માન દેશ માટે વીરગતિ પામનારને મળતું હોય?

અને બાબા સિદ્દિકી પહેલી રાજકીય વ્યક્તિ નથી જેની હત્યા મહારાષ્ટ્ર-મુંબઈમાં થઈ હોય. ૧૯૯૦ના દાયકામાં શિવસેનાના (હિન્દુવાદી બાળ ઠાકરેના હાથમાં હતી) નેતા વિઠ્ઠલ ચૌહાણથી માંડીને ભાજપના નેતા રામદાસ નાઈકની હત્યા થઈ ચૂકી છે. વાસ્તવમાં મુંબઈમાં રાજકીય હત્યાઓનો ક્રમ ૧૯૭૦માં સીપીઆઈના નેતા કૃષ્ણ દેસાઈની હત્યાથી ચાલુ થયો હતો. ૧૯૯૨માં શિવસેનાના નેતા વિઠ્ઠલ ચૌહાણ, ૨૯ મે ૧૯૯૩ના દિને શિવસેનાના નેતા રમેશ મોરે, ૩ જૂન ૧૯૯૩એ ભાજપના નેતા પ્રેમકુમાર શર્મા, ૧૯૯૪માં મુસ્લિમ લીગના નેતા ઝિયાઉદ્દીન બુખારી, ૧૬ જાન્યુઆરી ૧૯૯૭એ યુનિયન લીડર દત્તા સામંતની હત્યા થઈ હતી.

એટલે બાબા સિદ્દિકીની હત્યા નવી નવાઈ નથી. સંપત્તિનો ઝઘડો કારણભૂત હતો કે સલમાન ખાન સાથેની નિકટતા તે ક્યારેય બહાર નહીં આવે, આ હત્યા દાઉદે બે બિઝનેસમેનના પૈસા ઓળવી જવા માટે તો નથી કરાવીને તે પણ બહાર નહીં આવે પરંતુ અનિલ પરબ સાથેની લડાઈને સાવ ભૂલાવી દઈ લૉરેન્સ બિશ્નોઈના માથે આ અપરાધ લગાવી દેવો બધાને ફાવતું જડે તેવું છે. હિન્દુવાદીઓ ખુશ છે કે દાઉદના સ્થાને પહેલી વાર કોઈ હિન્દુ ગુંડો દેશવિરોધીને નિશાન બનાવી રહ્યો છે. સલમાન ખાનને ગેલેક્સીના પોતાના ભડંકિયામાં છુપાઈ જવું પડ્યું છે. કેટલાક ઘોડિયામાંથી બહાર આવવા હાથપગ ઊછાળી રહેલાઓ પૂછી રહ્યા છે કે લૉરેન્સને અમદાવાદની સાબરમતી જેલમાં કેમ રાખ્યો છે? અરે ભાઈ! એણે જ કર્યું છે કે નહીં, પહેલાં જાણો તો ખરા. બસ, તમે ઘોડિયામાં છો અને તમને કોઈએ ચૂસણિયું આપી દીધું તે ચૂસ્યા રાખો છો. તમે હવે ઘોડિયામાંથી બહાર આવો. સ્વતંત્ર બુદ્ધિથી વિચારતા થાવ. દિલ્લી કે મુંબઈના પાંચ-સાત પત્રકારોએ આપેલા ઍંગલથી દિલ્લી-મુંબઈની પાંચ-સાત ચેનલો ચલાવે અને એટલે આખું મીડિયા હઈશો હઈશોમાં જોડાય તેમ ન જોડાઈ જાવ.

jaywant.pandya@gmail.com

# સવારે નાસ્તામાં તમે શું ના ખાઈ શકો ?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧)કોલમ જામી ગઈ હોય તો ધ્યાન રાખજો. જામેલી વસ્તુ ઓગળી પણ જતી હોય છે હો. ઓગળી જશે તો પછી ઉભી થઈ જશે? - ડૉ.વિનોદ જાડા (જામનગર) મને શ્રદ્ધા છે કે વાચકો અને પ્રશ્ન કરનારાઓ કોલમ નબળી નહિ પડવા દે.

(૨)બડભાગીનો વિરુદ્ધ શબ્દ કમભાગી, અભાગી કે દુર્ભાગી ત્રણમાંથી કયો આવશે? યોગેશભાઈ આર જોશી (હાલોલ: જિ.પંચમહાલ) બડભાગી ભાગી ગયો લાગે છે!

(૩)મે કૂતરો પાળ્યો છે. એના માટે શું કરવું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
હવે કાર લઈ લો એટલે કૂતરાંને બીજાની કાર પાછળ દોડવું નહિ!

(૪)હું નોકરી કરતી મહિલા છું. ઘરકામ ઝડપથી થઈ શકે એ માટે કોઈ ઉપાય બતાવશો? રમાબેન પટેલ (અમદાવાદ)
સાવરણી પાણીમાં બોળીને સંજવારી કાઢો તો સફાઈ અને પોતું એકસાથે થઈ જાય!

(૫)વિમાનમાં પાયલોટને હુમલો આવે તો શું થાય?
ડાહ્યાભાઈ આદ્રોજા, (લીલિયા મોટા)
આપ કો પાઈલોટ કો ડરાને કે ઝુલ્મ મે ગિરફ્તાર કિયા જાતા હૈ!

(૬)બગાસું ખાતા મોમાં પતાસું જ કેમ આવે ગુલાજાંબુ કેમ નહિ? - પાંડોર નિધિ ' રાહી ' (બાયાડ) અમુક લોકો મફતના ગુલાજાંબુ ખાવા મળે એ માટે આખો દિવસ બગાસાં જ ખાધા કરતા હતા. એટલે પછી ગુલાજાંબુની જગ્યાએ પતાસાથી પતાવવું પડ્યું!

(૭)નવરાત્રીના દાંડિયારાસમાં પોલીસની "શી ટીમ"ને હારોહાર રમવા ઉતારી દીધી.એમ ડરી ડરીને તો કેમ રમવું ?
કનુભાઈ પરમાર (દામનગર) લે, તમે તો પત્ની કરતા પણ પોલીસથી વધારે ડરતા લાગો છો!

(૮)સાહેબ..! એવી કઈ ચીજ છે કે જે પાણી પીતાં જ મરી જાય છે..!
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
પણ તમે એને પરાણે પાણી શું કામ પીવડાવો છો? ભલે ને જીવતું.

(૯)આપશ્રીને યુનોનાં પ્રમુખ બનાવવામાં આવે તો સૌ પ્રથમ કયા મુદ્દાને પ્રાધાન્ય આપો?
કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ હાલ કેનેડા)
બધાને ધાન્ય મળે એ જ પ્રાધાન્ય!

(૧૦)દરેક નરની નારી જાતિ હોય તો ચિત્તાની નારી જાતિ કઈ? - સંજયભાઈ જોશી (બાબરા)
નારી જાતિ વિશે જાણવાની તમારી આ તત્પરતા એક દિવસ તમને જરૂર ચિત્તાની નારી સુધી પહોંચાડી દેશે.

(૧૧)સાબુથી સ્નાન કર્યા પછી શુદ્ધ રૂમાલથી શરીર લૂછીયે છીએ, તો રૂમાલ કેમ મેલો થાય છે? - અશોક જોશી(લીલિયા મોટા)
અંદર ઉતરી ગયેલો મેલ એમ ઝટ જાય નહિ માટે રોજ નાવાનું રાખો.

(૧૨)લોકો મને ભગવાન માને છે. એનો અર્થ શું?
દર્શન પટેલ (વડોદરા)
એનો અર્થ એ કે લોકો તમને માણસ માનતા નથી!


(૧૩)સાહેબ..! પરીક્ષામાં નાપાસ થવાનું મુખ્ય કારણ શું? - ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
૩૫ માર્કે પાસ કરવાનો નિયમ. જો શૂન્ય માર્કે પણ પાસ કરવાનો નિયમ આવી જાય તો નાપાસ થવાનું કારણ જ ન રહે. રાજી થઈ ગયાને?!

(૧૪)સવારે નાસ્તામાં તમે શું ના ખાઈ શકો?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
આજે નાસ્તામાં બનાવ્યું ન હોય એ.

(૧૫) નવરાત્રીમાં તમે રાસ ગરબા લીધા નથી તો પણ તમે લહાણી લેવા પહોંચી ગયા હતા ?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
આ વખતે જોવાવાળા કરતા રાસ લેવાવાળા વધી ગયા હતા. ગરબી મંડળ પાસે ભંડોળ ઓછું હતું એટલે જોવાવાળા જતા ન રહે એ માટે મને ઈનામ આપ્યું.

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# વિદેશનીતિ અને પોતાના પગ પર ટટ્ટાર ઉભા રહેવાની કળા

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી


હિન્દુસ્તાન માટે ખાલીસ્તાન ચળવળ એક આતંકવાદી ચળવળ છે. દેશના એક હિસ્સાને દેશથી કાપીને અલગ કરવાની વાત છે. દેશના સાર્વભૌમ અને અખંડીતતા સામે ખતરો છે. દેશે આ ચળવળના ભોગે ઘણી ખુવારી વેઠી છે. ભારતના બે પ્રદેશમાં આવી ચળવળનો ખતરો હતો અને છે, કાશ્મીર અને પંજાબ. કાશ્મીરનો પ્રશ્ન આઝાદી વખતે દેશના સર્વોચ્ચ નેતૃત્વ દ્વારા થયેલી ભૂલોને લઈને પેદા થયેલો છે. એ પ્રદેશની સીમા દુર્ગમ અને પાકિસ્તાન જેવા આતંકવાદીઓના સ્વર્ગ ગણાતા મુલ્કને સ્પર્શે છે. હિન્દુસ્તાન આઝાદી બાદના આઠ દાયકાથી આ સરહદેથી પ્રવેશીને દેશની જમીન લાલ કરી જતા આતંકવાદનો ભોગ બની રહ્યું છે. સરહદ પાર કતાર દર કતાર નેતાઓ આવતા રહ્યા જે ખૈબરઘાટથી હિન્દુસ્તાનની ધરતી પીંખવા આવેલા આક્રાન્તાઓની યાદ અપાવતા રહ્યા. આ પાર કરોડરજ્જુ વિનાના, તુચ્છ રાજનીતિનું ધાવણ ધાવીને ઉછરેલા નેતાઓની હારમાળા આવતી રહી જેણે દેશ પહેલા પક્ષ અને પક્ષ પહેલા પરિવારને પ્રાધાન્ય આપ્યું. પરિણામ એ આવ્યું કે આ તરફથી જે જવાબ અપાતો એ સ્ત્રૈણ અવાજમાં અપાતો રહ્યો. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પર જૂઠ પર જૂઠ ફેલાવીને હિન્દુસ્તાનનું ચીરહરણ કરતુ રહ્યું. ભારતના પોણીયા પ્રતિનિધિઓ દરબારના ત્રીજી હરોળમાં બાઅદબ ઉભેલા દરબારીની જેમ શીશ ઝુકાવીને કુરનીશ બજાવતા રહ્યા અને દેશને શરમિંદા કરતા રહ્યા. એક વખત એવો આવ્યો કે દેશ કાશ્મીર મુદ્દે એકલો પડી ગયો. દેશે એક દશકાથી ખડક જેવા અવાજે જવાબ આપવાનું ચાલુ કર્યું, પથ્થર સામે પથ્થર ફેંકવાનું શરુ કર્યું, આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનના કપડા ફાડવાનું શરુ કર્યું, આજે પાકિસ્તાન વિશ્વ સમક્ષ આતંકવાદીઓના પનાહ્ગીર તરીકે નાગું થઇ ચુક્યું છે. આજે ફરી આવો જ પ્રશ્ન અને બખેડો કેનેડા તરફથી શરુ કારવામાં આવ્યો છે. ભારત સામે આધાર પુરાવાઓ વિનાના આક્ષેપો કેનેડાના વડાપ્રધાન દ્વારા લગાવવામાં આવી રહ્યા છે. પોતાની લઘુમતી સરકારને બચાવવા ખાલીસ્તાન ચળવળના તરફદાર જગમીતસિંહનો ટેકો લીધેલ છે. જે લગભગ ડગમગી ગયેલો છે. પરિણામે ખાલીસ્તાનીઓને ખુશ રાખવા વડાપ્રધાન ટ્રૂડોનો આપદ ધર્મ બની જાય છે. અન્યથા, તેના દેશમાં નકલી દસ્તાવેજોના આધારે ગેરકાયદે રીતે ઘુસેલા, કેનેડાએ ખુદ નો - ફ્લાય લીસ્ટમાં નાખેલા એક ખાલિસ્તાની આતંકવાદીની હત્યાને લઈને ભારત જેવી ઉભરતી મહાસત્તા સામે થવાનો કોઈ તર્ક નથી બનતો. પોતે પોતાના દેશના નાગરિકોની કેટલી ચિંતા કરી રહ્યા છે, એમના માટે ક્યાં સુધી લડાઈ લડી શકે છે એ સાબિત કરવા ટ્રૂડો ભારત સામે શીંગડા ભેરવી રહ્યા છે. પોતાના દેશના નાગરિકોની સુરક્ષા અલબત મહત્વની છે, બશર્તે એ નાગરિક બીજા દેશના સાર્વભૌમ માટે ખતરો ન હોવો જોઈએ. પણ એ જાણે છે કે જો હિન્દુસ્તાનમાં ખાલીસ્તાનનું સમર્થન કરવાવાળા મીરજાફરની અનૌરસ ઔલાદ જેવા રાષ્ટ્રીય ચારિત્ર્યહીન ઠીંગણા નેતાઓ આજની તારીખે પણ પેદા થતા રહેતા હોય તો આટલા દૂરથી આક્ષેપ કરવો આસાન થઈ રહેશે. સવાલ એકલા કેનેડાનો નથી, કેનેડા અને ઈંગ્લેન્ડ જેના ૫૧મા રાજ્ય કહેવાય છે અને દુનિયાભરના પ્રશ્નોમાં જેને સળી કરવાની જનમજાત કુટેવ છે એવા ઈંગ્લેન્ડ અને અમેરિકાનો પણ છે. અમેરિકા પણ ભારત વિરોધી એક ખાલિસ્તાની આતંકવાદીને સંઘરીને બેઠું છે, જે અમેરિકામાં બેઠા ભારતને તોડવાના પ્રયાસો કરી રહ્યો છે. આવું જો અમેરિકા સાથે બને તો અમેરિકા કોઈને પૂછ્યા વિના એ દેશમાં જઈને તેને ખતમ કરે. પણ, પશ્ચિમની દરેક મુદ્દાને અલગ અલગ કાટલાથી જોખવાની દોગલી નીતિ વિશ્વ આખાએ જોઈ છે. એક દેશમાં જે પ્રવૃત્તિને તેઓ આતંકવાદ કહે છે, બીજા દેશમાં તેને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનું નામ આપી શકે એટલા પહોળા પનાંની હરામખોરી પશ્ચિમ પાસે ઉપલબ્ધ છે. યુક્રેન રશિયા યુધ્ધમાં ભારતે લીધેલું એમની નીતિઓથી વિપરીત અલગ અને સ્વતંત્ર સ્ટેન્ડ આ બધાને ખટકી રહ્યું છે. યેનકેન પ્રકારે ભારતને ઘેરવાના પ્રયત્નો થાય એ સ્વાભાવિક છે. જેમ સિરાજુદ્દૌલા વખતે મીરઝાફર પેદા થઇ ગયો હતો તેમ આજે આ બધી સિસ્ટમને મદદમાં ભારતીય વિપક્ષનું સમર્થન મળી રહ્યું છે. ઘાઘરાના ઘેર જેવા મુદ્દે શેરીઓમાં ઉતરી પડતો અને શેરીના ઝગડાને યુનો સુધી તાણી જવાની માનસિકતા ધરાવતો આજનો નમાલો ભારતીય વિપક્ષ કેનેડાના આવા આક્ષેપો અંગે કશું નહિ બોલે. દેશના સાર્વભૌમ કરતા પોતાનું રાજકીય અસ્તિત્વ એમના માટે અગત્યનું છે. ભારતના દુર્ભાગ્યે મીરઝાફરો અને અમીચંદો પેઢી દર પેઢી પેદા થતા રહે છે.

ભારતે આ મુદ્દે કેનેડાને આપેલો જવાબ દરેક ભારતીયે હરખાવાની વાત છે. ભારતે કેનેડા સાથે એક ઝાટકે રાજદ્વારી સબંધો પુરા કરી દીધા છે. એ ઈતિહાસ છે કે પશ્ચિમને ક્યારેય ભારત તરફથી કોઈ લોઠકો જવાબ આપવામાં આવ્યો નથી. ભારત તરફથી આવા જવાબ અંગે પશ્ચિમ ટેવાયેલું પણ નથી. નાભિના ઊંડાણેથી પહાડી હલક સાથેનો અવાજ સામાવાળાની છાતીમાં થડકારો કરી મેલે એ સ્વાભાવિક છે. ભારતમાં વ્હોટ્સેપ, ફેસબુક જેવા સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ પર રેંગતી રહેતી જીવાતો કેનેડામાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓનું શું થશે ? એવા કોરસ ગાવા લાગી છે. દેશના મુદ્દાઓ બાબતે બાંધછોડ અને સૂક્ષ્મ વિરોધ તેઓ આવી આડશો પકડીને કરતા હોય છે. મુદ્દાઓને ભટકાવીને ધરાર એમની વિચારધારાની દિશામાં વાળવાની એમની આ પૈદાશી મહારત છે. તેઓ નિરાકરણને તકલીફ સમજવાની પ્રચંડ બુદ્ધિ ધરાવે છે અને સતત સાબિત કરવા મિથ્યા મથતા રહે છે. સરકારે કોઈ મુદ્દે લીધેલા અભિગમને આધારે એમનું મૂલ્યાંકન થવું જરૂરી છે. ઈતિહાસ તો કરશે જ, સાથે સાથે વર્તમાન પણ એમનું તાત્કાલિક મૂલ્ય પારખે એ જરૂરી છે. ટટ્ટાર ઉભું રહેવાથી પછીથી કમરનો દુઃખાવો નથી થતો.

ક્વિક નોટ – એક કચ્છી કહેવતનો અર્થ કઈક આવો થાય છે, " મરદના દીકરા થઈએ, નમાલાના બાપ પણ ન રહીએ."

# દરેક ગુજરાતી પરિવાર આરોગ્યના ધક્કે ચડેલો કેમ છે ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શરદ ઋતુ હવે એની પરાકાષ્ઠાએ છે. આપણું ઋતુ ચક્ર જ એવું છે કે એમાં શરીર સાથેના હિસાબ કિતાબનો મહિનો હોય છે છેલ્લો. છેલ્લો એટલે ભાદરવો અને આસો. શરદ ઋતુ શરીરના હિસાબ-કિતાબની ઋતુ છે, એટલે કે આખા વર્ષ દરમિયાન તમે શરીર પર જે વીતાડી હોય છે અને શરીર પર પોતાના મોજશોખને કારણે એક પછી એક જે જુલમ કર્યા હોય છે એનો હિસાબ લેવા માટે શરીરને કુદરતે શરદઋતુ આપી છે. શરદ ઋતુ આમ તો ચાર્ટર્ડ એકાઉન્ટ કે ઓડિટર કક્ષાની ઋતુ છે. ગુજરાતીઓમાં જે બહુ જ અણગમ્યે જાણીતો શબ્દ છે અને જેને ગુજરાતીઓ રોગ ગણતા જ નથી એ શરદી શબ્દ પણ શરદઋતુ પરથી ઉતરી આવ્યો છે. ગુજરાતમાં તો કેટલા બધા લોકો શરદીથી ઘેરાયેલા હોય છે. લાખોની સંખ્યામાં શરદીયુકત નાસિકાઓ હોય છે. એક ગુજરાતી તરીકે આવા શરદી પ્રકરણ અંગે દરેક ગુજરાતીને શરમ આવવી જોઈએ. શરદી લઈને કોઈના ઘરે જવાય ? આ વિચારની શરૂઆત થવાને ન જાણે હજુ કેટલાય વરસોની વાર છે ! વળી આ શરદીનો પ્રચાર અને પ્રસાર સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહે છે. જાહેર ખરીદીના સ્થળોએ અને સગા - વહાલાઓમાં, બધા મિત્રોમાં પણ અને મુરબ્બીઓમાં પણ નિયમિત રીતે શરદીના જીવંત અવશેષો જોવા મળે છે. ગુજરાતીઓ માથે આ કેવડી મોટી આપત્તિ છે એ સમજતા હજુ દાયકાઓ જવા દેવા પડશે. એક તંદુરસ્ત માણસે ગુજરાતીઓ વચ્ચે શરદી મુક્ત રહેવું બહુ અઘરું થઈ ગયું છે. કારણ કે ચોતરફ શરદીનું વહન કરનારા લોકો નફ્ફટ અને બેધડક રીતે ફરતા હોય છે. જેને મોટા ભાગના ગુજરાતીઓ રોગ માનતા નથી એ શરદી ખરેખર તો સંખ્યાબંધ રોગની માતા છે. શરદીમાં કમાલ એ છે કે એ જ્યાં ઘર બનાવે છે એમાંના કેટલાક ઘર તો એ ખાલી કરતી જ નથી. એટલે કે આજીવન ધામા નાખે છે. જેનું મૂળ કારણ અને મૂળ રોગ માત્ર શરદી હોય એ આગળ જતા શ્વાસના, ફેફસાના કફ અને પિત્તના.... એમ અનેક જીવલેણ રોગોનો પડાવ બને છે. કોઈ આયુર્વેદિક વિદ્વાનને પૂછો તો એ માત્ર શરદીમાંથી પ્રગટતા હજાર રોગાદિકના નામો આપશે. આપણી શરદીનો ઈતિહાસ બહુ લાંબો નથી. પ્રમુખ કારણ તો એ છે કે આપડે જાણતા જ નથી કે ગટરના પાણીમાંથી તૈયાર થતા શાકભાજી કોની થાળીમાં જાય છે. એ થાળી આપડી પણ હોઈ શકે છે. જેઓ અમેરિકા ગયા હોય એમને ખબર છે કે એના લીંબુ અને આદુ કેવા મઘમઘતા હોય છે. અમેરિકાના શાકભાજીના અસલ સ્વાદ અને એની મહેંકથી ભારત હજુ દાયકાઓ દૂર છે. જેણે પોતાના બાળકોનું ભવિષ્ય નીરોગી રાખવાની ઝંખના હોય એમણે આ શાકભાજી ક્યાંથી ઉગીને ઊભા થયા છે એની ખબર ન હોય ત્યાં સુધી એને સંતાનોના પેટમાં પ્રવેશવા ન દેવાય.



ગટરના પાણીમાં કે પ્રદૂષિત નદીઓના કાંઠે ઉગેલા શાકભાજી આપડી રોગ પ્રતિકારક શક્તિને ખલાસ કરે છે અને પછી તો ડેન્ગ્યુ સહિતના કોઈ પણ રોગ થાય અને જિંદગીના વહાણને આમથી તેમ ફંગોળે. આ વખતે ડેન્ગ્યુમાં બાળકો ઉપરાંત કિશોરો અને યુવક-યુવતીઓએ પણ જિંદગી ગુમાવી છે. આપડી ટેલિવિઝન ચેનલો એ વાત બહુ ચાલાકીથી છુપાવે છે કે ગુજરાતમાં ડેન્ગ્યુ ખતરનાક હદે આગળ વધી ગયો છે. આ વખતે રોગચાળામાં કિશોરથી યુવાવય સુધીના લોકો પણ સપાટામાં આવ્યા તેનું એક મુખ્ય કારણ ફાસ્ટ ફૂડ છે. ફાસ્ટ ફૂડમાં અનેક પ્રિઝર્વેટિવ ( વસ્તુ ખરાબ ન થઈ જાય એ માટે ઉમેરાતાં કેમિકલ્સ ) અને અન્ય રાસાયણિક રંગો અને એસિડિક પદાર્થો ઉમેરવામાં આવે છે. ઉપરાંત એની રચના અને આહાર વચ્ચે બહુ મોટો સમયપટ પસાર થયો હોય છે. આપણે ત્યાં કેટલાક જૈન મુનિ મહારાજોએ આહાર વિજ્ઞાનનો બહુ નિષ્ઠા અને ખંતપૂર્વક પ્રચાર કર્યો છે. પરંતુ નવી પેઢી સુધી એ મેસેજ પહોંચ્યા નથી. એનું કારણ એ છે કે ગુજરાતી પરિવારોમાં જીભ માટે ચટાકેદાર અભિગમ રાખવામાં આવે છે. આપડી પરંપરા જ દે ધનાધન રહી છે અને એમાં આહાર સંયમ કે પ્રોટીન-વિટામિન વિચારનો કોઈ અત્તોપત્તો જ નથી. ગુજરાતીઓ યોગ પાછળ દોડતા જોવા મળે, પતંજલિની મલ્ટીનેશનલ કોર્પોરેટ હાટડીએ ટોળે વળેલા પણ દેખાય. વળી ઉનાળે ઓર્ગેનિક કેરી ગોતવા પણ દોડે. પણ ઘરમાં જુઓ તો છોકરાવ પાંચદસના પડીકા ચાવતા હોય અને તેલમાં ડૂબકીદાવ રમીને આવેલા ગાંઠિયા-ભજિયાનો વારંવારનો સમારંભ હોય. એક જમાનો હતો કે ઘરમાં પકવાનના ડબા ભરેલા હોય. આપણે ત્યાં સવારે શિરાવવાની અને બપોર પછી રોંઢો કરવાની જે પ્રથા હતી તે એટલે જ હતી કે મુખારવિંદમાં કંઈ આડુંઅવળું પધરાવવું ન પડે. વહેલી સવારે શિરાવવામાં અને રોંઢો કરવામાં હોય તો આંશિક અથવા ઉપભોજન. એના ફાયદાઓનો કોઈ પાર નથી. પરંતુ શિરાવવાની પ્રથા સદભાગ્યે હજુ છે પરંતુ રોંઢો તો સાવ લાપતા જ થઈ ગયો છે. એની જગ્યાએ એટલે કે રોંઢાના રિપ્લેસમેન્ટમાં આપડે જે અખતરાઓ કર્યા છે એણે આપડા આરોગ્યની બરાબરની દશા બેસાડી છે. દેશના અનેક રાજ્યોની તુલનામાં ગુજરાતીઓ સુખી છે તે ગુજરાતમાં પણ અને મહારાષ્ટ્રમાં પણ. જેઓ એનઆરઆઈ એટલે કે બિન નિવાસી ગુજરાતીઓ છે તેઓ તેમને મળતા વિશુદ્ધ આહારને કારણે બચી ગયા છે. ગુજરાતની પ્રજાને આરોગ્યસુખ ક્યારે મળશે તે એક ગંભીર સમસ્યા છે. કારણ કે આપડી પોતાની ખાણીપીણીની કુટેવોમાંથી અનારોગ્યના સંયોગો વિકસેલા છે. ગુજરાતીઓ આરોગ્યના જ્ઞાન સામેનું અજબ કવચ ધરાવે છે. એમને કોઈ જ આરોગ્ય બોધ લાગવાનો નથી. સ્થૂળ કાયાઓની અલગથી વસ્તી ગણતરી જરૂરી થઈ ગઈ છે. કહીએ તો ખોટું લાગે છે પણ આડેધડ ખા-ખા કરીને મહાન માનવ શરીરના ઘાટ આપડે ફેરવી નાંખેલા છે. અને પછીય સમજણમાં તો બૃહદ શૂન્યનો મુકુટ ધારણ કરેલો છે. હાલતા તમને ડાયાબિટિસના દરદીઓ મળે ને બે ડગલા વધુ હાલો એટલે બ્લડપ્રેશર મળે. જમ્યા પહેલાની ટિકડીઓ અને જમ્યા પછીની...! વળી જો ક્યાંક ઓટલે બેઠા ભૂલમાંય આયુર્વેદની વાત કરો તો એવા બધા કૂદી પડે ને એમ લાગે કે ઓહોહો ગુજરાતમાં તો રેશનકાર્ડ દીઠ એક-એક વૈદરાજ છે. આવતીકાલના જે નાગરિકોનો ઉછેર આપડી નજર સામે થઈ રહ્યો છે એમને માર્ગ મળે અને કંઈક દિશા દેખાય એવું પણ આપડું વર્તન હજુ નથી. આહારની બાબતમાં તો જે સંતાનો એના પેરેન્ટસ્ ને નહિ અનુસરે એ જ સુખી થશે એમ કહીએ તો અતિશયોક્તિ થાય. શાળાએથી આવીને બાળક કહે કે મમ્મી મને મેગી બનાવી દે.... તો મમ્મી હજુ એ બાળકને ના પાડતા ન શીખી હોય તો નક્કી છે કે એવા એ સંતાનો પણ અન્ય ગુજરાતીઓની જેમ દવાખાને ધક્કા ખાતા બહુ વહેલી ઉંમરથી શીખી જશે. ગુજરાતી ભોજનની જે પરંપરા છે એને તોડવા માટે ચાઈનિઝ અને પંજાબી પ્રણાલિકાઓનો આપણે ત્યાં ચારેબાજુ પડાવ છે. ગુજરાતી ભોજન ઘેરાઈ ગયું છે. અનેક પરિવારો તો પંજાબી અને ચાઈનિઝના ઘેલા છે. એ પણ ભોજન જ છે પરંતુ એમના હવામાન અને એમના સંજોગોમાં એ ચીની અને પંજાબી પ્રજા માટે છે. છતાં આપણે જિજ્ઞાસાના આસ્વાદ માટે ભલે ક્યારેક એ આરોગીએ તો કંઈ વાંધો નથી પરંતુ આપડે તો આપડા ગુજરાતી ભોજન પડતા મેલીને એને ગળે વળગાડેલા છે. દરેક પરિવારે આરોગ્ય પર સ્વતંત્ર રીતે વિચારીને સ્વયંશિસ્ત દાખલ કરવી જરૂરી છે. કારણ કે એના વિકરાળ પરિણામો હવે કેટલાક કુટુંબોમાં દેખાવા લાગ્યા છે. ■

**આપણે ત્યાં સવારે શિરાવવાની અને બપોર પછી રોંઢો કરવાની જે પ્રથા હતી તે એટલે જ હતી કે મુખારવિંદમાં કંઈ આડુંઅવળું પધરાવવું ન પડે. એના ફાયદાઓનો કોઈ પાર નથી.....!**

# વીકીને જોઇને જીગર ગભરાઇ ગયો

લઘુ-નવલકથા

યોગેશ પંડયા

સામે વીકી ઊભો હતો તેના સાગરીતોને લઈને ! વીકીને જોઈને જીગર ગભરાઈ ગયો. જીમ્મીએ પલકવારમાં વિચારી લીધું કે આજે વીકી સામે ફાઈટ આપવી અઘરી છે. એમાંય સસલા જેવો જીગર સાથે છે. પોતાનું તો જે થવાનું હોય એ થાય, પણ જીગરને જો કંઈ થશે તો તેના પિતાને પોતે શું જવાબ આપશે ? એટલે જીગરના કાનમાં કહ્યું : 'જીગર સામે વીકી તેના માણસોને લઈને ઊભો છે અને આજે જે ફાઈટીંગ થવાની એ ફાઈટીંગ લોહિયાળ હશે. હું એકલો છું અને સામે ચાર જણાની ચંડાળ ચોકડી ઊભી છે. પણ મને મારી ચિંતા નથી,




ચિંતા તો તારી છે. એટલે મહેરબાની કરીને અહીથી જ ભાગ. રાજમહેલની ડાબી તરફ જતો રસ્તો તને અનુકૂળ પડશે. તું આ બાઈક લઈને જા ભાગ, મારી ચિંતા ન કરતો.' જવાબમાં જીગરે દલીલ કરવા માંડી ત્યારે જીમ્મીએ કહ્યું કે 'મારૂં કહેવું માન સમય ઓછો છે. મારી ચિંતા ન કર, તને બે હાથ જોડીને વિનંતી કરૂ છું કે તું ભાગ, તને મારી આપણી દોસ્તીની કસમ છે.'

'પણ ભાગવું હોય તો આપણે બન્ને ભાગી જઈએ.'

"વેળા નથી, આ લોકો જો આગળ આવે છે. હું ધ્યાન ચૂકવાડુ છું નહિંતર, આપણે ભાગીશું તોય એમના હાથમાં આવી જઈશું. આતો હું અહીં રહીશ તો તું નીકળી શકીશ, જા, ભાગ..."

વીજળીક ગતિએ જીમ્મીએ બાઈક ઊપરથી ઠેકડો માર્યો અને જીગર નાસી છૂટ્યો, વીક્કી અટ્ટહાસ્ય કરતો સામે આવ્યો. જીમ્મીએ તો સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ એ પહેલા તો વીક્કીની એક જ ફેંટ તેની છાતીમાં લાગી ચૂકી હતી. જીમ્મી કંઈ પણ પ્રતિકાર કરે એ પહેલા તો પેલા ત્રણેયે હોકી અને લાઠીની બોછાર બોલાવી દીધી બરાબર એજ વેળાએ... જીગર, 'પોલીસ.. પોલીસ...' બુમો પાડતો સામે છેડેથી બાઈક લઈને આવ્યો અને વીક્કી અને તેના સાગરીતો ગભરાયા અને જીમ્મીને પડતો મૂકીને ભાગ્યા. જીગરનો આ એક સ્ટંટ હતો. પણ સફળ થયો. આડેધડ હોકીના પ્રહારોથી મૂંઢમાર તો લાગ્યો હતો પણ, જીવ બચાવવા માટે જીમ્મી લંગડાતો, ઘસડાતો જીગર સુધી પહોંચી ગયો અને જીગર તેને પાછળ બેસાડીને ભાગ્યો. જીમ્મી આજે બાલ-બાલ બચી ગયો નહિંતર....

----

ઈન્સ્પેક્ટર અજય હાથ ઘસતો રહી ગયો. જીમ્મીએ જો જરા જેટલું ઈન્ડિકેટ કર્યું હોત તો આ આખો કેસ ખૂલી જાત પણ એવું તે શું ફેક્ટર છે કે, આ બીજી વારેય અર્જુનને એ જીપમાં બેસીને લઈ ગયા છે ? કંઈક તો છે જ. જે અર્જુનની નબળી કડી છે. દત્તાને એણે આ બાબતે વળી વળીને પૂછયું છે પણ દતાનેય કશી ખબર નથી. આખરે આ કેસ છે શેનો ? ઈન્સ્પેક્ટર અજય વિચારી રહ્યો. કીડનેપીંગનો હોય તો કીડનેપર્સ અર્જુનને ગોંધી રાખે અને ખંડણી માંગે પણ આ તો ફરી વખત બન્યુ છે. બીજું કે, જે ઘરેણાં હતા એ પણ ગૂમ છે. એનો સીધો સાદો અર્થ એ થયો કે ઘરેણાં અર્જુન પાસે જ હોય. પણ તો એ ઘરેણાંની શી જરૂર પડી ?...'હા...' તેના મનમાં એક તાળો મળ્યો : જીમ્મી અને જીગર, બન્ને મિત્રો એમ કહેતા હતા કે અર્જુનભાઈ અંધારૂં થયે આઝમગઢ જતા રસ્તા ઉતરી આવ્યા અને અહી ઊભા રહ્યાં.

તો એનો મતલબ એ થયો કે અર્જુન આજે સવારનો જ આઝમગઢ ગયો હોવો જોઈએ. અને એ પણ ઘરેણાં લઈને તો પછી સાંજે સીધો અહીંયા આવીને કેમ ઊભો રહ્યો ?

ઈન્સ્પેક્ટર અજયે માથું ધૂણાવ્યું : સાલ્લુ, કશું સમજમાં નથી આવતું. એમની દ્રષ્ટિ ટેબલ ઉપર પડેલા ગીતાજીના પુસ્તક ઉપર ગઈ અને એમના મગજમાં આશાનો આગિયો ઝબૂક્યો. અજયને એવી ઘણીવાર અનુભૂતિ થઈ હતી કે જયારે જયારે વિચાર કરતું મગજ થાકી જાય, કોઈ કરતા કોઈ ઉકેલ ન મળે ત્યારે એ એક જ ધર્મગ્રંથ હાથમાં લેતો જે ખૂદ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણની વાણી હતી. અર્જુનને કુરૂક્ષેત્રના મેદાનમાં પોતાનાં જ સગાં વ્હાલાની સામે લડવાનું આવ્યું અને એ નાસીપાસ થયો ત્યારે ભગવાન કૃષ્ણએ જ તેને બળ આપ્યું હતુને ! ઈન્સ્પેકટર અજયે ગીતાજીનું પુસ્તક હાથમાં લીધું.

----

જીપ ખખડ ખખડ કરતી ચાલી જતી હતી કે, આંખે પાટા બાંધીને બેઠેલા અર્જુને અડખે પડખે બેઠેલા બેયને કહ્યું, મારે પેશાબ કરવા જવું પડશે મને પથરીની તકલીફ છે ખુબ જ પ્રેશર આવ્યું છે.' 'ભાઈ..., ગાડી રોકો...' આજુ બાજુ બેઠેલા બન્ને બાઉન્સરોએ ગાડી રોકવા માટે કહ્યું.

'અબ ઓ ઓફિસર... જરા સી નહીં રોક પાતા...' આગળ બેઠેલા મુખિયાએ કહ્યું : ' હમ પહુંચ હી ગયે હૈ.'

'મુઝે પતા હૈ ભાઈ...' અર્જુને કહ્યું : "તકરીબન દો, તીન ઘંટા લગતા હૈ. ઔર મુજે તકલીફ હૈ. મુઝે આધે આધે ઘંટે મેં પેશાબ લગતી હૈ મેં કયા કરૂ ? જવાબમાં એ એક ભૂંડી ભખ ગાળ બોલ્યો અને ડ્રાઈવરને કહ્યું : 'દગડુ, રખ'

જીપ ઊભી રહી. પેલા બન્ને અર્જુનને દોરીને બહાર નીકળ્યા. આંખે પાટા બાંધેલા હતા પણ આજ હાથ છુટ્ટા હતા. રાતના દસ જેવું થયું હતું. ચંદ્રમાનું અજવાળુ ફેલાયેલું હતું. અર્જુને થોડે દૂર જઈને આંખની પટ્ટી ઊંચી નીચી કરી તો પટ્ટી થોડીક ફસકી ગઈ... અર્જુને આખો પટ જોઈ લીધો. 'અજવાળામાં! અબે ઓ ચાલસી કછૂઆ... જલદી કરો. ઈસ મેં ઈતની દેરી કયા ?' પેલાએ બૂમ પાડી અને પેલા બે દોડતા દોડતા આવ્યા. અર્જુનને જીપમાં ચડાવ્યો... જીપ ચાલતી થઈ. અર્જુને મનમાં મનમાં ગણિત માંડવાનું શરૂ કર્યું.

-----

થોડીકવારમાં જ જીગર અને જીમ્મી અનિતાના ઘર પાસે પહોંચ્યા. અનિતા બહાર જ ઊભી હતી. અનિતાએ તેને એક પડીકી આપી. જીમ્મી એ પડીકી લઈને નીકળી ગયો.

----

રાત વીતી રહી હતી. દત્તા અર્જુનના ઘરે જ બેઠા હતા. રાજેશ્વરીબા ગભરાઈ રહ્યા હતા. પણ દત્તાએ તેમને ધરપત આપતા કહ્યું કે હવે તમે ચિંતા ન કરો. આ આખો કેસ ઈન્સ્પેકટર સાહેબને સોંપી દીધો છે."

વાત સાંભળીને રવિના મુંઝાઈ. હવે શું થશે ? નહીંને કયાંક... અને આમ પણ, અર્જુન પ્રત્યે તેને હવે અનોખી લાગણી ઊભરાઈ રહી હતી. એનું અહીં આવવું એક હેતુપૂર્વક કાવતરૂ હતું. દગડુ, એભલ અને બોસ આણિ મંડળીએ તેને અહીં મોકલી હતી અર્જુનને ફસાવવા માટે પણ તેને પ્રથમવાર એવું લાગી રહ્યું હતું કે, પોતે જે કરી રહી છે એ સદંતર ખોટું છે. તેને થયું કે પોતે આ ભોળા લોકોની લાગણી અને પ્રેમનો લાભ લઈ રહી છે. પોતાને સગી દીકરીની જેમ રાખતા રાજેશ્વરી દેવીના પેટના જણ્યા એવા દીકરા અર્જુન માટે પોતે જ એકલી જ જવાબદાર છે.!!"

એ આંખો બંધ કરીને સામે રહેલી ભગવાનની છબીને મનોમન પ્રાર્થના કરતી રહી કે હે ભગવાન ! અર્જુનને બચાવી લેજે. જો એને કશું થઈ ગયું ને, તો હું મારી જાતને તો ઠીક પણ કયારેય તને ય પણ માફ નહી કરૂં, તને ખબર છે ભગવાન, કે હું અર્જુનને મનોમન પ્રેમ કરવા લાગી છું. એ મારો પ્યાર અખંડ રાખજે. આ બે જુવાન હૈયાંને કયારેય પણ તું ખંડિત થવા દેતો નહીં!! '

રાતના દોઢ બે- જેવુ થયું કે દત્તા ઊભા થયા અને રાજેશ્વરીબાને હૈયાધારણ આપી પોતાના ઘર તરફ રવાના થયા. પણ સવાર સુધી જીમ્મી કયાં રાહ જુએ એમ હતો ? એનું માઈન્ડ તો ઝડપથી ચાલતું હતું. ઘરે પહોંચીને પેલી કાગળની પડીકી સાચવીને મૂકી દીધી. જીગરને એણે કહ્યું "કહે કે ન કહે, મારૂં માન કે ન માન, પણ વહેલી સવારે અર્જુનભાઈ આઝમગઢ જતા રસ્તા ઉપરથી જ મળી જશે. મારૂં મન એવું કહે છે."

જીગર હસ્યો : "તું તો ખરેખર જાણભેદુ છે. તું જે વિચારે છે એવું જ થાય છે!" અને જીમ્મી ખરેખર એ આખી રાત સૂતો નહીં. વહેલી સવારે એ આઝમગઢ જતા રસ્તા ઉપર ગરનાળા પાસે રેકી કરી રહ્યો હતો તેના મનમાં હતું જ કે, અંધારામાં જ અર્જુનભાઈને એ જ જીપ છોડવા આવશે જે જીપમાં રાત્રે લઈ ગયા છે.

પાંચ, પંદર, વીસ, પચ્ચીસ, ત્રીસ અને પીસ્તાલીશ મિનિટે એક જીપ આવતી દેખાઈ, જીમ્મી એલર્ટ થઈ ગયો એ ઝાડવા પાછળ સંતાઈ ગયો કે જીપ સડસડાટ કરતી ત્યાંથી નીકળી અને સીધી રેલ્વે ટ્રેક નીચેના ગરનાળામાં ઉતરી ગઈ. જીમ્મી વાજોવાજ ભાગ્યો. પણ બુલેટ માંડ ચાલુ થઈ. એ મારતી બુલેટે ત્યાં પહોંચ્યો તો, બે જણાં આંખે પાટા બાંધીને જીપમાંથી અર્જુનને ઉતારી, હડસેલો મારીને જીપમાં બેસી ગયા અને જીપ ભગાવી મૂકી. અર્જુન અડવડિયું ખાઈ ગયો. તેના હથ બંધાયેલા હતા. જીમ્મીને થયું કે શું કરવુ ? એણે એક જ સેકન્ડમાં નિર્ણય લઈ લીધો એણે બુલેટ જીપ પાછળ ભગાવી પણ ડ્રાઈવરને ખબર પડી ગઈ કે બુલેટ તેનો પીછો કરી રહી છે. પાછળ માર પછાડ આવતા બુલેટને ઓવરટેઈક કરવા દઈને જીમ્મીને પાછળથી એટલો ટલ્લો માર્યો કે જીમ્મી ઉછળીને રોડની સાઈડમાં ફેંકાઈ ગયો અને જીપ ઘડીકની વારમાં અંધારામાં ઓગળી ગઈ. એ તો સારૂં હતું કે નીચે પથ્થર નહોતા એટલે તરત જ બેઠો થઈ ગયો. એક તથ્ય એણે પકડી પાડયુ તેના મનમાં ચમકારો થયો "અરે આ ડ્રાઈવરને તો પેલી લેબોરેટરીમાં જોયો હતો એ માણસ હતો...! એણે ઈન્સ્પેકટરને ફોન જોડયો. વહેલી સવારે કોનો ફોન ? ઈન્સ્પેકટરે ફોન ઉઠાવ્યો તો જીમ્મીએ બાતમી આપી કે એક જીપ અર્જુનભાઈને ગરનાળા પાસે ફેંકી ગઈ છે !! આઠ વાગ્યે અર્જુનને લઈને દત્તા, જીમ્મી અને ઈન્સ્પે. અજય તેના ઘરે મુકવા આવ્યા ત્યારે રાજેશ્વરીબા તેને ભેટીને નાના બાળકની જેમ પોક મૂકીને રડી પડયા. (ક્રમશઃ) ■

# પ્રેમ એટલે હૃદયના ઊંડાણમાંથી પ્રગટતી ભાવના




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

નીચે જ્યોતિ ને ઉપર દામલ. ભાવવિભોર બની, હોઠ સાથે હોઠ ભીડી કંઈક એવા સુખની અપેક્ષિત ખુશીમાં પલળવા કે ભીંજાવા માટે ખૂબ અધીરા થઈ ગયા હતા. ત્યારે... સમય અને સ્થિતિ અને સ્થળ એવું બધું જ જાણે શૂન્ય થઈ ગયું હતું.

કોઈ એવા જોશથી, કોઈ એવા દબાણથી, કોઈ એવા અતિ આવેશથી કે પછી જિન્સી આવેગથી દામલના અંગમાંથી કોઈ સૂસવાટ સાથે અનન્ય એવું અતિ કિંમતી પ્રવાહી તત્વ જ્યોતિના અંગમાં ભરપાઈ થતાંની સાથે એક એવી અનંત ખુશીભરી આહ...જ્યોતિના મોઢામાંથી બહાર નીકળી ને આવા અંધકારમાં દામલના ચહેરા પર મૃદુતાથી ફરતા હોઠ. અને આવી સ્થિતિ કયાંય સુધી ટકી રહી.

અજાણી ધરતી, અજાણી જગ્યા, અજાણ્યું ગામ, અજાણ્યું સ્થળ હોવા છતાં ચરમસુખ નામનું અતિ મહત્વનું અલૌકિક સુખ આજે દામલે અનુભવ્યું. તો જ્યોતિએ પણ અનુભવ્યું જ હોય ને ? દામલની જિંદગીમાં તેનો આ પ્રથમ અનુભવ હતો એટલે આવા ચરમસુખના પરમસુખમાં જાણે કે તેને આ સમાધિ મળી હતી.

આવું અને આટલું બધું ઝડપથી, આવું પરમસુખ તેના ભાગ્યમાં લખાયું હશે તેની તેને કયાં ખબર હતી ? ફક્ત આઠ અને દસ દિવસમાં તો દામલની જિંદગી કેટલી બધી સુખમય અને રસ નીતરતી બની ગઈ. કલપના પણ ન હતી કે જ્યોતિ આટલી ઝડપથી....

આને જ કદાચ નસીબ કહેવાતું હશે...?

પ્રેમમાં કે પછી પ્રેમને હંમેશાં હૃદય હોય છે. ત્યારે આકર્ષણને માત્રને માત્ર આંખો જ હોય છે. હવે જોવાનું એ રહ્યું કે, દામલને જ્યોતિ પ્રત્યે પ્રેમ હતો કે પછી માત્ર આકર્ષણ જ ! અસલ સિને-અભિનેત્રી શિલ્પા શેટ્ટી જેવી જ જ્યોતિની આકૃતિ હતી. એની આંખો પણ એવી, અને નાક નશકો અને આખો ચહેરો પણ શિલ્પા જેવો. અરે ઉંચાઈ પણ પાંચ હાથ પુરી પરંતુ હા, જિંદગીમાં એક વાત તો અવશ્ય ધ્યાનમાં રાખવા જેવો છે જે વ્યકિત આપણી છે, જે આપણને ભરપૂર પ્રેમ કરતી હોય, જે આપણા નસીબમાં છે તે હંમેશાં માટે મરે ત્યાં સુધી આપણી સાથે જ રહે છે, સુખમાં અને દુઃખમાં પણ અને જે વ્યકિત આપણને અધવચ્ચેથી છોડીને ચાલી જાય છે તે વ્યકિત આપણા લાયક નથી જ નથી. માનો કે ન માનો પણ આજની રાત દામલની તો સુહાગરાત જ હતી. ભલે એ તેનું ઘર નહોતું છતાં સગવડતાવાળો રૂમ તો હતો જ એટલે હાલ પૂરતું આને ઘર જ માની લેવું પડે. આમ તો સુહાગરાત એટલે પરણ્યા પછીની નવદંપતીની પહેલી રાત ! તો દામલની જ્યોતિ સાથે સહશયન કરવાની આ પહેલી જ રાત હતી. ભલે તેમનાં લગ્ન ન થયાં હોય, તો શું થયું ?

સાંભળ્યું છે કે સુહાગરાતે પુરૂષના માત્ર પ્રેમભર્યા શબ્દોથી કે પછી પ્રેમભર્યા સ્પર્શથી કે પછી પ્રેમભર્યા ચુંબન માત્રથી સ્ત્રીને ઓર્ગેઝમ સુધીની મધુરી ફિલિંગ થઈ શકે છે પરંતુ આવા જ્ઞાનથી પુરૂષ જાત વંચિત પણ હોય શકે.

અત્યારે આ વાત હકીકતે સાબિત થઈ ચૂકી હતી. જ્યોતિને કદાચ તેની જિંદગીમાં પહેલી વખત જ આવી ચરમસીમાનું સુખ પ્રાપ્ત થયું હતું. એ એવું સુખ હતું કે જેને એકેય શબ્દમાં વર્ણવી જ ન શકાય. આવું ચરમસુખ એકવાર નહીં પણ અનેકવાર થયાનો અનુભવ જ્યોતિએ સભાન અવસ્થામાં અનુભવ્યો હતો એટલે તો તે અતિ ખુશ હતી. અને વારેવારે દામલને એટલે જ ચુમીઓ ભરી લેતી હતી.

આમ તો સાચુકલી સુહાગરાતે પતિએ પત્નીની નર્વસનેસને દૂર કરવાની હોય છે, સારી સારી વાતો કરવાની હોય છે, એકબીજાને કયારેય ન છોડવાનો નિર્ધાર કરવાનો હોય છે પરંતુ આવા ઘોર અંધારામાં દામલ આવું કશું કરી ન શક્યો તેનો અફસોસ પણ થયો જ હતો. પરંતુ આમાં તેને તેનું શરમાળપણું નડતર બન્યુ હતું. હા, તેણે તો અનહદ પ્રમાણમાં જ્યોતિને પ્રેમ કર્યો, તેને ચાહી. શારીરિક ને માનસિક અને ભાવનાત્મક રીતે તેના શરીરને વહાલથી ખૂબ ખૂબ પંપાળ્યું પણ હતું. વળી તેના શરીરના અતિ સંવેદનશીલ અંગો જેવા કે કાનની બૂટ, પીઠ, કમર, નાભી, નાક અને બન્ને પયોધરોને પણ પ્રેમથી સ્પર્શ્યા, પછી હળવેથી દબાણ પણ આપ્યું હતું. આવું કરવાથી જ્યોતિને અનંત સુખની અનુભૂતિ પણ થઈ જ હતી.

અંતે આખા દિવસના થાકને લીધે વળી રાતભરની રતિક્રિડા અને રમણીય ઉજાગરાને લીધે એકબીજાના શરીરને સ્પર્શી લઈ મોડે મોડે બંનેને ઊંઘ આવી ગઈ. દામલ તો સાચે જ ઊંઘી ગયો, ઘસઘસાટ ઊંઘી ગયો પરંતુ જ્યોતિ....

જ્યોતિને ઊંઘ ન આવી, તેનું કારણ કદાચ ચરમસુખ કે પરમસુખની પૂર્ણ તૃપ્તિ પણ હોઈ શકે. એટલે એ તો અંધારામાં પણ તેની આંખો તો ખુલ્લી જ રહી ને તે વિચારોમાં ખેંચાતી રહી :

જ્યોતિ માસિક ધર્મમાં આવી તેને હજી ચાર જ દિવસ પૂરા થયા હતા. આવા વિચારે રાતના અંધારામાં પણ તે આંગળીના વેઢે દિવસો ગણતી હતી. એમ.સી. પછીના આવા દિવસોમાં ભેગા થયે ગર્ભ રહેવાની શકયતા ખૂબ જ વધી જાય છે. આવા વિચારે તો એ ખૂબ ખુશ થઈ હતી. જો પોતાને ગર્ભ રહે તો... જિંદગી બની જાય, જિંદગી જીવવા લાયક રહે... આમ આવું બધું તે ઉંડાણથી વિચારતી રહી.

એ સાથે તો વળી તેની ખુલ્લી આંખોમાં અનેક દૃશ્યો પ્રગટવા લાગ્યા અને પછી એક એવુ દૃશ્ય તેને જોવામાં આવ્યું... એ સાથે તો તે સાવ ઢીલી થઈ ગઈ તેની આંખોમાં પાણી ભરાયાં. અમુક વિચારો ને અમુક દ્રશ્યો તો તેનો પીછો છોડતાં જ નહોતાં.

પરંતુ....પ્રેમ એટલે હૃદયના ઊંડાણમાંથી પ્રગટતી ભાવના, જેની ઉત્પત્તિ દિલમાંથી પેદા થાય છે અને પ્રેમ આ વિશ્વમાં વાસ્તવિક જીવનની એક વિરલ શક્તિ છે. પ્રેમ અને આત્માનું એકત્વ સાવ સાદી સરળ ભાષા છે. (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# મણિપુરના જીરીબામમાં એકવાર ફરી હિંસા ભડકી, આતંકવાદીઓએ એક ગામમાં બોમ્બમારો કર્યો

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૧૯

મણિપુરમાં, આતંકવાદીઓએ જીરીબામ જિલ્લાના એક ગામમાં હુમલો કર્યો, ત્યારબાદ શનિવારે ફરી એકવાર હિંસા ફાટી નીકળી. એક અધિકારીએ આ માહિતી આપી. અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓએ સવારે લગભગ ૫ વાગે બોરોબેકરા પોલીસ સ્ટેશન હેઠળના એક ગામને આધુનિક હથિયારો વડે નિશાન બનાવ્યું હતું. તેમણે જણાવ્યું કે



આતંકવાદીઓએ બોમ્બ વિસ્ફોટ પણ કર્યા હતા. આ દરમિયાન સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને પોલીસ જવાનોએ જવાબી કાર્યવાહી કરી અને બંને તરફથી ભારે ગોળીબાર થયો. આ સાથે અધિકારીઓએ એમ પણ કહ્યું કે ઘટના સ્થળ પર વધારાના સુરક્ષા દળો મોકલવામાં આવી રહ્યા છે. જો કે રાહતની વાત એ છે કે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. જ્યારે હિંસા ફરી શરૂ થાય છે, ત્યારે સુરક્ષા દળો વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને સુરક્ષિત સ્થળોએ લઈ જઈ રહ્યા છે. બોરોબેકારા, જીરીબામ શહેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર, ગાઢ જંગલોથી ઘેરાયેલું છે અને તે પર્વતીય વિસ્તાર છે. ગયા વર્ષે મે મહિનામાં રાજ્યમાં જાતિય હિંસા ફાટી નીકળ્યા બાદ આ વિસ્તારમાં આવા અનેક હુમલાઓ થયા છે.

# પ્રધાનમંત્રીના આગમનને લઈ જિલ્લા વહીવટી તંત્રમાં દોડધામ

**પ્રધાનમંત્રી જાહેરસભાને સંબોધન કરશે, તમામ સ્થળોનું અધિકારીઓ દ્વારા નિરીક્ષણ**

અમરેલી,તા.૧૯

લાઠી અને દુધાળા ખાતે આગામી ૨૮મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનને લઈને વહિવટી તંત્ર દ્વારા આજે હેલીપેડ, રોડ કાર્પેટીંગ, વાહન પાર્કિંગ સભાખંડ સહિતની કામગીરીને લઈને સમીક્ષા કરાઈ હતી.



દુધાળા નજીક ગાગડીયો નદી પર રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે બનાવવામા આવેલ ભારત માતા સરોવરનુ પ્રધાનમંત્રી ઉદ્દઘાટન કરશે. અહી કલેકટર અજય દહીંયા, એસપી હિમકર સિંહ, પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, ડીવાયએસપી ચિરાગ દેસાઈ તેમજ ધોળકીયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા, તુલસીભાઈ ધોળકીયા, નિતીનભાઈ સાવલીયા, કનકભાઈ પટેલ સહિતના આગેવાનોએ સમગ્ર આયોજનને લઈને સમીક્ષા કરી હતી. અહી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાઠીમાં જાહેર સભાને સંબોધન કરશે. બાદમા ભારત માતા સરોવરનુ લોકાર્પણ કરશે અને હેતની હવેલી ખાતે મુલાકાત લેનાર હોવાનુ જાણવા મળી રહ્યું છે.

# હોમલોનમાં પ્રોસેસીંગ ફી નહી લેવા રાષ્ટ્રીયકૃત બેન્કોની જાહેરાત

મુંબઈ,તા.૧૯




તહેવારો સમયે બેન્કો માટે પર્સનલ લોન, કન્ઝયુમર લોન, ઓટો લોનની માંગ વધુ રહેતી હોય છે અને હોમલોન એક સ્ટેડી બીઝનેસ છે પણ જે રીતે લાંબા સમયથી વ્યાજદરમાં વધારો થયો છે અને આવાસો પણ મોંઘા બન્યા છે તેના કારણે આ દિવાળી પર હોમલોનની માંગ ધીમી રહેવાથી અનેક રાષ્ટ્રીયકૃત બેન્કોએ હવે હોમલોનમાં પણ ફેસ્ટીવલ સ્કીમ જાહેર કરી છે અને મર્યાદીત સમય માટે પ્રોસેસીંગ ફી નહી લેવા જાહેરાત કરી છે.

# હમાસ ચીફ યાહ્યા સિન્વરના મોત બાદ ઈઝરાયેલનું ઓપરેશન વધુ તીવ્ર, ગાઝામાં વધુ સૈનિકો મોકલાયા

(એ.આર.એલ), કૈરો,તા.૧૯

દક્ષિણ ગાઝામાં યાહ્યા સિનવરના મોત બાદ ઈઝરાયેલની સેનાએ જબાલિયા ઓપરેશનમાં મદદ માટે વધુ એક આર્મી યુનિટ મોકલ્યું છે. તે ગાઝાની આઠમી સૌથી મોટી શરણાર્થી શિબિર છે. જ્યાં લોકોનું કહેવું છે કે આ વિસ્તારમાં ઈઝરાયેલની ટેન્કોએ આગળ વધતા જ રસ્તાઓ અને મકાનો ઉડાવી દીધા હતા. ઉત્તરી ગાઝાના જબાલિયાના



રહેવાસીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી ટેન્ક ઉપનગરો અને રહેણાંક જિલ્લાઓમાંથી પસાર થઈને કેમ્પના મધ્યભાગમાં પ્રવેશી હતી, મોટા પ્રમાણમાં હવા અને જમીનમાં આગ છોડતી હતી. લોકોએ જણાવ્યું કે ઈઝરાયેલની સેના દરરોજ ઈમારતો પર ક્યારેક હવાથી તો ક્યારેક જમીન પરથી બોમ્બમારો કરીને અને દૂર દૂરથી વિસ્ફોટ કરીને ડઝનેક ઘરોને નષ્ટ કરી રહી છે. જ્યારે ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેના દળો, જે છેલ્લા બે અઠવાડિયાથી જબાલિયામાં કાર્યરત છે, ગુરુવારે નજીકની લડાઈમાં હવાઈ હુમલાઓ કર્યા હતા, જેમાં ડઝનેક આતંકવાદીઓ માર્યા ગયા હતા અને હમાસના લશ્કરી માળખાનો નાશ કર્યો હતો.

# હરિદ્વારમાં બુલડોઝર ગજર્યું, ગેરકાયદે બનાવાયેલ કબર તોડી પાડવામાં આવી

(એ.આર.એલ),હરિદ્વાર,તા.૧૯

ઉત્તરાખંડના હરિદ્વારમાં જિલ્લા પ્રશાસને ગેરકાયદેસર રીતે બનેલી કબરને બુલડોઝ ફેરવીને કાર્યવાહી કરી છે. સિંચાઈ વિભાગની જમીન પર ગેરકાયદેસર રીતે મકબરો બાંધવામાં આવ્યો હતો, જેના પર કાર્યવાહી કરીને જિલ્લા વહીવટીતંત્રે શનિવારે સવારે કબર પર બુલડોઝર ચલાવ્યું છે. બુલડોઝરની આ સમગ્ર કાર્યવાહી એસડીએમ અજય વીર સિંહના નેતૃત્વમાં કરવામાં આવી હતી. કાર્યવાહી બાદ જિલ્લા પ્રશાસને ચેતવણી આપી છે કે સરકારી જમીન પર થયેલા ગેરકાયદે બાંધકામોને જરા પણ બક્ષવામાં આવશે નહીં. હરિદ્વાર જિલ્લા પ્રશાસને શનિવારે વહેલી સવારે સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામો સામે મોટી કાર્યવાહી કરી છે. બહાદરાબાદ વિસ્તારના રાજપુર ગામમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બનેલા મજરાને વહીવટીતંત્રે બુલડોઝર વડે તોડી પાડ્યું છે. સિંચાઈ વિભાગની જમીન પર ગેરકાયદેસર રીતે મકબરો બનાવવામાં આવ્યો હતો, તેને દૂર કરવાની કાર્યવાહી આજે હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતમાં અકસ્માતમાં વધારો : દેશમાં એક વર્ષમાં ૧.૭૦ લોકોના મોત

નવી દિલ્હી,તા.૧૯

રાજ્યો દ્વારા કેન્દ્ર સરકાર સાથે શેર કરાયેલ ડેટામાં જણાવાયું હતું કે ૨૦૨૩માં લગભગ ૧.૭ લાખ લોકો માર્ગ અકસ્માતમાં માર્યા ગયાં હતાં. તે લગભગ દરરોજ સરેરાશ ૪૭૪ જીવ ગુમાવે છે અથવા લગભગ દર ત્રણ મિનિટે એકનું મૃત્યુ થાય છે. અકસ્માત પાછળનાં કારણોનું મૂલ્યાંકન કરવા માટે સરકારે રાષ્ટ્રીય સ્તરે માર્ગ




અકસ્માતના ડેટાને એકત્રિત કરવાનું શરૂ કર્યું છે ત્યારથી એક વર્ષમાં મૃત્યુ પામેલાં લોકોની આ સૌથી વધુ સંખ્યા છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, એમપી, ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પંજાબ, આસામ અને તેલંગાણા સહિત ઓછામાં ઓછાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં માર્ગ અકસ્માતમાં વધારો નોંધાયો છે. આંધ્ર પ્રદેશ, બિહાર, દિલ્હી, કેરળ અને ચંડીગઢ જેવાં રાજ્યોમાં મૃત્યુઆંકમાં નજીવો ઘટાડો થયો હતો. ડેટા એ પણ દર્શાવે છે કે માર્ગ અકસ્માતને કારણે ગયા વર્ષે મહત્તમ ૪.૬ લાખ લોકો ઘાયલ થયાં હતાં, જે વર્ષ ૨૦૨૨ કરતા ૪ ટકા વધુ હતાં. ૨૦૨૨માં, માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા પ્રકાશિત કરાયેલાં અહેવાલ મુજબ માર્ગ અકસ્માતોની સંખ્યા ૧.૬૮ લાખ હતી જ્યારે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા એકત્રિત કરવામાં આવેલાં ડેટામાં મૃત્યુની સંખ્યા ૧.૭૧ લાખ હતી. બંને એજન્સીઓએ હજુ સુધી ૨૦૨૩ માટે માર્ગ અકસ્માતનો ડેટા પ્રકાશિત કર્યો નથી.

# ભારતની છેલ્લાં ૨૦ વર્ષમાં અમેરિકાને ૬૧ લોકોના પ્રત્યાર્પણની અરજી

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતે છેલ્લાં ૨૦ વર્ષોમાં યુએસ પાસેથી ૬૧ લોકોનાં પ્રત્યાર્પણની અરજીઓ કરી છે, પરંતુ મોટાભાગનાં કેસોમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આમાંનાં કેટલાક કેસોમાં વારંવાર અપીલ કરવા છતાં કોઈ જવાબ મળ્યો નથી. આ માહિતી ત્યારે સામે આવી છે જ્યારે અમેરિકાએ ખુદ ભારતીય અધિકારી વિકાસ યાદવ પર ખાલિસ્તાની અલગતાવાદી જીએસ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રત્યાર્પણની પેન્ડિંગ અરજીઓમાં ગોલ્ડી બરાર અને તહવ્વુર હુસૈન રાણા જેવાં પ્રખ્યાત નામો પણ સામેલ છે. જેમાંથી ગોલ્ડી બરાર પર આતંકવાદી ગેંગ ચલાવવા, હત્યા અને ખંડણી જેવાં ગંભીર આરોપો છે. તહવ્વુર રાણા ૨૬/૧૧ ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરામાં સામેલ હતો. રસપ્રદ વાત એ છે કે, ભારતે આ વર્ષે અમેરિકાને પાંચ નવી પ્રત્યાર્પણ અરજીઓ મોકલી છે. તેમાંથી એક, હરજોત સિંહ પર દેશ વિરુદ્ધ યુદ્ધનો આતંકવાદ માટે પૈસા પૂરા પાડવા અને આતંકવાદી સંગઠનનો સભ્ય હોવા જેવાં ગંભીર આરોપો છે. આ વર્ષે જેમની સામે પ્રત્યાર્પણની વિનંતીઓ મોકલવામાં આવી છે તેમાં અનમોલ બિશ્નોઈ, નેલ્સન કે. કમ્બાથા, જેમ્સ લેરી આલ્ફોર્ડ અને સાહિલ કુમારનો સમાવેશ થાય છે.

# જમ્મુ-કાશ્મીરમાંથી ૩ ગ્રેનેડ અને પિસ્તોલ સાથે બે આતંકવાદીઓ ઝડપાયા

જમ્મુ,તા.૧૯

જમ્મુ-કાશ્મીરના પુંછમાં શનિવારે સવારે સુરક્ષા દળોએ ૨ આતંકીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૩ ગ્રેનેડ અને ૧ પિસ્તોલ પણ મળી આવી છે. સેનાના અધિકારીઓએ જણાવ્યું કે આ બંને જમ્મુ-કાશ્મીર ગઝનવી ફોર્સ નામના સંગઠન સાથે સંકળાયેલા હાઈબ્રિડ આતંકવાદી છે. જમ્મુ પોલીસના ADGP



આનંદ જૈને કહ્યું કે પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે બંને આતંકવાદીઓ મંદિર, આર્મી બેઝ અને હોસ્પિટલ પર ગ્રેનેડ હુમલો કરવાના પ્લાનમાં હતા. લોકોએ પુંછમાં રાષ્ટ્રવિરોધી પોસ્ટરો પણ લગાવ્યા હતા જેથી લોકો ભયભીત થાય. આ આતંકવાદીઓ સરહદ પાર પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના સંપર્કમાં હતા.

# યુદ્ધના તણાવ વચ્ચે તેલંગાણાથી ૧૦૦ શ્રમિકો ઈઝરાયેલ ગયા

હૈદરાબાદ,તા.૧૯



ઈઝરાયલ અને ઈરાનની સાથે-સાથે તેના પાડોશી દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે તેલંગાણાથી ૧૦૦થી વધુ મજૂરો નિર્માણ ઉદ્યોગમાં કામ કરવા માટે તેલ અવીવ પહોંચ્યા છે. તેમાંથી મોટાભાગના ચણતર, સુથારીકામ અને અન્ય બાંધકામના કામો માટે ઈઝરાયલ જઈ રહ્યા છે. આ કામદારોને મફત રહેવા અને ખાવાની સુવિધા સાથે મહિને લગભગ ૧.૫ લાખનો પગાર મળશે.

# ભારતની વળતી કાર્યવાહી : કેનેડાના અધિકારીને ભાગેડુ જાહેર કર્યા

નવી દિલ્હી, તા. ૧૯

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સતત બગડી રહ્યા છે. ભારતે કેનેડા બોર્ડર સર્વિસ એજન્સીના એક અધિકારીને ભાગેડુ આતંકીની યાદીમાં સામેલ કર્યા છે. આ યાદીમાં જે અધિકારીનું નામ સામેલ કરવામાં આવ્યું છે તેની ઓળખ સંદીપ સિંહ સિદ્ધુ તરીકે થઈ છે. આ ભાગેડુ આતંકીને ભારત મોકલવાની માંગ કરાઈ



છે. ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી રાજદ્વારી વિવાદ ચાલી રહ્યો છે. આ કારણે ભારતે કેનેડામાંથી તેના રાજદ્વારીઓને પાછા બોલાવ્યા અને કેનેડાના રાજદ્વારીઓને પણ દેશનિકાલ કર્યા. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે આક્ષેપ કર્યો હતા.

**લીલીયાના મહેરબાન જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મું. લીલીયા**

ફોજદારી પરચુરણ અરજ નંબર ૪૩/૨૦૨૪
મુદત તારીખઃ- ૧૯/૧૧/૨૦૨૪

**અરજદાર :-** ભાનુબેન ભુપતભાઈ દુધાત
ઉ.વ.૬૦, ધંધોઃ નિવૃત, ધર્મેઃહિન્દુ,
રહે.મુ.મોટા કણકોટ, તા.લીલીયા, જી.અમરેલી
ઠે.પટેલ વિસ્તાર, પીન-૩૬૫૫૩૫

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** (૧) પ્રિન્સીપાલ શ્રી આર.બી.સાવજ વિનય મંદિર
મું.આંબા, તા.લીલીયા, તા.લીલીયા
(૨) જિલ્લા શિક્ષણઅધિકારી સાહેબ, (માધ્યમિક)
જિલ્લા શિક્ષણઅધિકારીની કચેરી,
એ-વિંગ, બહુમાળી ભવન, બીજો માળ,
બ્લોક નં.૧૦૭થી ૧૧૧, અમરેલી
(૩) જન્મ મરણ નોંધણી અધિકારી સાહેબ,
ગ્રામ પંચાયત કચેરી, મોટા કણકોટ,
તા.લીલીયા, જી.અમરેલી

**અરજદાર તરફે વિ.વ.શ્રી.બી.પી.હેલૈયા**

**-: જાહેર નોટીસ :-**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત કામના અરજદારએ અત્રેની અદાલતમાં ધી ગુજરાત માધ્યમીક રેગ્યુલેશન-૧૯૭૪ ના રેગ્યુલેશન ૧૨-ક, અન્વયે તેમના પુત્ર નામે વિશાલભાઈ ભુપતભાઈ દુધાતનું ખરુ અને સાચુ નામ વિશાલકુમાર નહી પરંતુ વિશાલભાઈ ભુપતભાઈ દુધાત છે. તેવુ પ્રમાણિત કરવા હુકમ મેળવવા તથા સાચુ અને ખરુ નામ વિશાલભાઈ ભુપતભાઈ દુધાત છે. તે મતલબનો જરૂરી સુધારો ઉપરોક્ત કામના સામાવાળા નં.૧ ના રેકર્ડમાં કરીને તે સુધારેલ નામ વાળુ નવુ સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ કાઢી આપે તે મુજબનું પ્રમાણપત્ર કાઢી આપે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જેથી તે અરજી સામે જે કોઈને વાંધા તકરાર હોય તેઓએ જરૂરી દસ્તાવેજો પુરાવા સાથે મુદત તારીખ :-૧૯/૧૧/૨૦૨૪ ના રોજ સવારનાં ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં જાતે અગર તો માહિતગાર વકીલશ્રી મારફતે હાજર રહેવુ અન્યથા ઉપરોક્ત અરજી અન્વયે આગળનો યોગ્ય ન્યાયીક હુકમ નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર | અમારા રૂબરૂ |
| --- | --- | --- | --- |
| સહી, (એસ.જે.મકવાણા) આસીસ્ટન્ટ | | સહી, (પી.વી.રાણવા) આસીસ્ટન્ટ | સહી, (આર.કે.મહેતા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, લીલીયા |

# ઉનાની એચ.એમ.વી. કોલેજના ૧૫ વિદ્યાર્થીઓની અગ્નિવીરમાં પસંદગી થઈ

ઉના, તા.૧૮

આર્મી દ્વારા તાજેતરમાં જાહેર થયેલ અગ્નિવીર પરીક્ષામાં ઉનાની એચ.એમ.વી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.સી.સી. વિભાગના ૧૫ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓમાં આનંદ ડી. ચારણીયા, ભગીરથ બાંભણીયા, ચેતન એમ. ચૌહાણ (કેસરીયા), ચૌહાણ શૈલેષ એમ (કેસરીયા), હસમુખ ડી. ગોહીલ (સનખડા), વિપુલ જી. ગોહિલ (ઉમેજ), અજય જે. બાંભણીયા (રોહિસા), રામજી એ સાંખટ (રોહિસા), હરદેવ વી વાળા (ઉમેજ), યુવરાજસિંહ ગોહીલ (સનખડા), અક્ષત એ ઝણકાટ (આલીદર), સિલોત દિપક કે(મોટા ડેસર), વિનોદ વી. બારડ (મોટા ડેસર), રવિ જે. મોરી (ડોળાસા), પાર્થ આર. ડાભી (દેલવાડા)નો સમાવેશ થાય છે. આ સફળતાના માર્ગદર્શક એન.સી.સી ઓફિસર મેજર પી. એમ. ધાંધલા અને પાસ થયેલ એન.સી.સી. કેડેટસને ૮ ગુજરાત બટાલિયનના કર્નલ એસ પિલાઈ, કોલેજના ટ્રસ્ટી મંડળ અને કર્મચારીઓએ અભિનંદન પાઠવીને તેમની સિધ્ધિને બિરદાવેલ હતી.

# ગુજરાતના બાળકોમાં વધતુ જતુ ડ્રગ્સનું સેવન સમાજમાં ચિંતાનો વિષય : ડો. જી.જે. ગજેરા

**ગુજરાતમાં વધતું ડ્રગ્સનું સંકટઃ યુવા પેઢી પર મંડરાતું જોખમ**

અમદાવાદ, તા.૧૯

તાજેતરમાં અમદાવાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ૧૦-૧૨ ધોરણમાં અભ્યાસ કરતા બે બાળકોના શરીરમાં કોકેઈન જેવા ઝેરી ડ્રગ્સની હાજરી જોવા મળી છે. આ ઘટના ગુજરાતમાં વધતા જતા ડ્રગ્સના સંકટ તરફ ધ્યાન દોરે છે. આ સમસ્યા માત્ર અમદાવાદ પૂરતી મર્યાદિત નથી. રાજ્યભરમાં, ખાસ કરીને કોલેજ હોસ્ટેલોમાં, કેફી દ્રવ્યોનું સેવન વધી રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠે વારંવાર કરોડો રૂપિયાના ડ્રગ્સ જપ્ત થવાની ઘટનાઓ પણ આ સમસ્યાની ગંભીરતા દર્શાવે છે. અમરેલી જિલ્લામાં પણ આ સમસ્યા જોવા મળી છે, જ્યાં થોડા સમય પહેલા ડ્રગ્સ બનાવવાનું કેમિકલ જપ્ત કરવામાં આવ્યું હતું. આ બાબત સત્તાવાળાઓની નિષ્ક્રિયતા અથવા



ડ્રગ્સ માફિયા સાથેની સાંઠગાંઠ તરફ ઈશારો કરે છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ગોવિંદભાઈ ગજેરાએ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે માતા-પિતા અને વાલીઓને સાવધાન રહેવા અને પોતાના બાળકોની વર્તણૂકમાં કોઈ અસામાન્ય ફેરફાર જણાય તો તાત્કાલિક પગલાં લેવાની અપીલ કરી છે. આવનારી પેઢીને બચાવવા માટે સમાજના દરેક વર્ગે સક્રિય થવાની જરૂર છે. માતા-પિતાએ બાળકો પર નજર રાખવી, શંકાસ્પદ લક્ષણો જણાય તો તરત જ માનસિક રોગના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી અને સમગ્ર સમાજે આ સમસ્યા સામે લડવા એકજૂટ થવું પડશે.

**વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન, હવે સહાય એકમાત્ર આશા : મુંજીયાસર ડેમ ઓવરફલલો**

# બે દિવસના વિરામ બાદ અમરેલી જિલ્લામાં મેઘરાજાનું ફરી આગમન

અમરેલી,તા.૧૯

હવામાન વિભાગની વચ્ચે અમરેલી શહેરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. અમરેલી સહિત જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. થોડા વરસાદમાં પણ અમરેલીના રાજમાર્ગો પર પાણી ભરાયા છે. સતત વરસતા વરસાદને કારણે માર્ગો પાણી-પાણી થઈ ગયા હતા. બપોર બાદ અમરેલી શહેરમાં વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અમરેલીના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડતા ખેતીના પાકમાં નુકસાન થશે. સતત વરસાદી વાતાવરણ વચ્ચે ખેડૂતોમાં ચિંતાનું મોજુ છે. અમરેલી, બગસરા, બાબરા સહિતના વિસ્તારોમાં પણ વરસાદ વરસી રહ્યો છે. બગસરા






પંથકમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. બગસરા પંથકના હામાપુર, લૂંઘીયા, સાપર,કડાયા, રફાળા, ભલગામ તેમજ સમઢીયાળા જેવા ગામોમાં જોરદાર વરસાદ પડતા ખેતરમાં રહેલા મગફળીના પાકનું તેમજ કપાસ અને સોયાબીન જેવા પાકોનું પણ ધોવાણ પણ થયું હતું. આ તમામ ગામોના સરપંચો સાથે વાત કરતા અંદાજે પાંચથી છ ઈંચ જેટલો વરસાદ પડયો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. જ્યારે બગસરા પંથકની જીવાદોરી સમાન મુંજીયાસર ડેમ ૦.૧૫ મીટરથી ઓવરફ્લો પણ થઈ ચૂકેલો છે. જેના કારણે નદીના પટમાં અવર-જવર નહી કરવા સુચના આપવામાં આવી છે. લોકો નદીના પટમાં અવરજવર કરે નહી તે માટે પોલીસ બંદોબસ્ત પણ મુકવામાં આવ્યો છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી વરસાદે વિરામ લીધો છે.

રાજ્યમાં છૂટાછવાયા સ્થળો પર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદની શક્યતા ઓછી છે. ત્યારે રાજ્યના હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. ગુજરાતમાં ૨૪ કલાક ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૪ કલાક યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, અમરેલી, ડાંગ, તાપી, સુરત, વલસાડ, અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

## ગુજરાતમાં પ્રથમવાર મૂવિંગ કેમેરાઃ અમદાવાદમાં ટ્રાફિકનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી



અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં સૌપ્રથમ વખત મૂવિંગ કેમેરા દ્વારા ટ્રાફિક નિયમનનો ભંગ કરનાર તમામની સામે કાર્યવાહી કરવામાં આવશે. એની શરૂઆત અમદાવાદ શહેરમાં થઈ ગઈ છે. અમદાવાદ શહેરના એસજી હાઈવે પર આવેલા એસજી વન અને એસજી ટૂ પોલીસ સ્ટેશનની કેટલીક પીસીઆર વાનમાં આ પ્રકારે મોબાઈલ મારફત રેકોર્ડિંગ કરવામાં આવે છે અને એનું કનેક્શન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કનેક્ટ સોફ્ટવેર સાથે છે, જેના કારણે આ કેમેરામાં કેદ થયેલાં દશ્યોમાં જે પણ નિયમનો ભંગ થયો હશે એ કેદ થઈ જશે.

AI સોફ્ટવેરથી તે ફિલ્ટર થઈને ટ્રાફિક નિયમનનો ભંગ કરનાર વાહનચાલકને તાત્કાલિક જ ઈ-મેમો આપવામાં આવશે. આ સમગ્ર કામગીરી હાલ પ્રાયોગિક ધોરણે છે અને એ આગામી સમયમાં આખા શહેરમાં શરૂ થવાની છે. આગામી સમયમાં ૬૦ જેટલાં વાહનોમાં આ પ્રકારે કેમેરા લાગશે અને અમદાવાદ શહેરના રસ્તે જો કોઈપણ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતો દેખાશે અને આ વાનની ઝપટે ચડશે તો તેની ખેર નથી, કારણ કે તેને ભલે એમ લાગતું હોય કે કોઈ ટ્રાફિક-પોલીસ નથી અથવા ટ્રાફિક સિગ્નલ પરના કેમેરામાં તે બચી ગયો છે, પણ એવું થશે નહીં.

આ વાનમાં જો તે કેદ થયો હશે તો તેને ચોક્કસ મેમો ભરવો જ પડશે. હાલ મેમો ઈસ્યુ કરવાની શરૂઆત થઈ ગઈ છે અને એને આગામી સમયમાં આખા અમદાવાદમાં કાર્યરત કરવામાં આવશે.

## પીએમ કે સીએમ આવે ત્યારે જ સફાઈ થાય એ જરૂરી નથી : મુખ્યમંત્રીનો ટોણો

વડોદરા,તા.૧૯

વડોદરા કલેક્ટર કચેરી ખાતેના 'સાંસદ અટલ જનસેવા કેન્દ્ર'નું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં સ્વચ્છતાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેજ પરથી અધિકારીઓ સહિતનાને ટોણો મારતાં જણાવ્યું હતું કે વડોદરા સંસ્કારી નગરી છે, તો આપણે સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કાર લાવવી જ પડે. આજે PM સાહેબ આવે છે, CM સાહેબ આવે છે, ત્યારે જ સફાઈ થાય એવું નથી જોઈતું. બીજી તરફ હાજર પદાધિકારીઓ પણ હસતાં-હસતાં મુખ્યમંત્રીની



ટકોરને જાણે ગળી ગયા હોય એવો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મુખ્યમંત્રીએ વડોદરાનો વિકાસ થયો નથી એવી ગંભીર ટકોર કરી હતી. ભૂપેન્દ્ર પટેલ અગાઉ રાજ્યનાં અન્ય શહેરોની તુલનામાં વડોદરા વિકાસમાં પાછળ હોવાની જાહેરમાં વાત કરી ચૂક્યા છે. મુખ્યમંત્રીએ આજે જન સેવા કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધતાં જણાવ્યું હતું કે વડોદરાના માર્ગો અને સફાઈ જોઈને જણાવ્યું હતું કે CM અને PM આવવાના છે, તેથી વડોદરામાં સફાઈ થઈ લાગે છે. એમ પાલિકાના સત્તાધીશોને હસતાં- હસતાં જોરદાર ચાબખા માર્યા હતા.

## બનાસકાંઠામાં પિતા-પુત્રએ નર્મદા કેનાલમાં ઝંપલાવી મોત મીઠું કર્યું

(એ.આર.એલ),પાલનપુર,તા.૧૯

બનાસકાંઠામાં થરાદ પાસે શણઘુર પુલ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં સવારે વાવના ગ્રામીણ વિસ્તારના પિતાએ પાંચ વર્ષના પુત્ર સાથે કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. થરાદ નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી મૃતદેહને બહાર કાઢ્યાં હતાં. બનાવને પગલે કેનાલ પર લોકોનાં ટોળાં ઉમટી પડ્યા હતા. મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં. આ અંગે ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું હતું કે, થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં નર્મદાની મુખ્ય નર્મદા કેનાલમાં સણધર પૂલ નજીક સવારે પિતાએ પુત્ર સાથે ઝંપલાવ્યું હોવાની જાણ થઈ હતી. સ્થાનિક તરવૈયા દ્વારા શોધખોળ કરવા છતાં મૃતદેહ હાથ લાગ્યા નહોતા. તેના પછી થરાદ પાલિકાના ફાયર વિભાગને કોલ મળતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ આદરતા બપોરે પિતાનો મૃતદેહ મળી આવ્યો હતો.

## રાજકોટમાં મોતીયાના દર્દીને ઉઠાડી ભાજપના સદસ્ય બનાવતા રોષ

રાજકોટ,તા.૧૯

રાજકોટમાં સદસ્યતા અભિયાનના ટાર્ગેટ પૂરા કરવા ભાજપના કાર્યકરો ભાન ભૂલ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજકોટમાં આવેલી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટની આંખની હોસ્પિટલમાં મોતિયો ઉતરાવવા માટે દાખલ થયેલ દર્દીઓને અડધી રાત્રે ઉંઘમાંથી ઉઠાડીને ભાજપના સભ્ય બનાવાતા હોવાનો



વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં સૂતેલ દર્દીઓને ઉઠાડી ઉઠાડીને OTP લઈને ભાજપના સભ્યો બનાવાતા હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું હતું. જૂનાગઢનાં દાખલ દર્દીએ આ વીડિયો વાઈરલ કરી દેતા ભાજપનો ભાંડો ફૂટ્યો હતો.

## બોક્સાઈટ ભરી અમરેલી આવતી ટ્રક દીઠ લાંચ માંગનાર માંગરોળનો લાંચિયો પોલીસ કર્મી ઝડપાયો

જુનાગઢ,તા.૧૯

માંગરોળના મક્તુપુર પાસે ચેકપોસ્ટ પરથી બોક્સાઈટ ભરી અમરેલી તરફ જતા ટ્રકની રોયલ્ટી પાસ તથા અંડરલોડ હોવા છતાં મરીન પોલીસ સ્ટેશનના એક પોલીસ કોન્સ્ટેબલ દ્વારા લાંચની માંગણી કરવામાં આવી હતી. જેમાં માંગરોળ મરીન પોલીસ સ્ટેશનના આર્મર્ડ પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ કાળુભાઈ સિસોદિયાએ મકતુપુર ચેકપોસ્ટ પરથી ટ્રકને પસાર કરવા



માટે એક ટ્રક દીઠ ૫૦૦ રૂપિયા લેખે ચાર ટ્રકના ૪ મહિનાના રૂ .૮૦૦૦ રૂપિયાની લાંચની માગણી કરી હતી. ત્યારે ફરિયાદીના કાકાના દીકરાની ટ્રકો પોરબંદરથી બોકસાઈટ ભરી અમરેલી તરફ જતી હતી ત્યારે તમામ પાસ પરમીટ હોવા છતાં ચંદ્રસિંહ સિસોદિયાએ રકઝક કરી છેવટે રૂ.૬૫૦૦ લેવાનું નક્કી કર્યું હતું. ટ્રકના માલિક આ લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે પોરબંદર એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારે એસીબી દ્વારા મક્તુપુર ચેકપોસ્ટ પર છટકું ગોઠવી માંગરોળ મરીન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ચંદ્રસિંહ સિસોદિયાને રૂ.૬૫૦૦ ની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી પાડ્યો.

## કચરાના નિકાલ માટે ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર્ફોમર રાજય બન્યું

ગાંધીનગર,તા.૧૯

વર્ષ ૨૦૨૧માં સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ.૧,૪૧,૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશનનો બીજો તબક્કો વર્ષ ૨૦૨૫ સુધી ચાલશે. શહેરોમાંથી કચરાનિકાલ બાબતે ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર્ફોમર રાજ્ય બન્યું છે. સ્વચ્છ



ભારત મિશન અર્બન ૨.૦ના આંકડા પ્રમાણે, ગુજરાતની ૧૪૦ ડમ્પસાઈટમાં પડેલા ૨૨૧ લાખ ટન કચરામાંથી અત્યાર સુધીમાં ૨૧૦ લાખ ટન લેગેસી વેસ્ટનો (વર્ષોથી પડેલો કચરો) નિકાલ કરવામાં આવ્યો છે. ૯૫ ટકા કચરાના નિકાલ બાદ હવે માત્ર ૫ ટકા કચરાનો નિકાલ જ શેષ રહ્યો છે. કચરાના જથ્થાના નિકાલ બાબતે ગુજરાત સમગ્ર દેશના મોટા રાજ્યોમાં ટોપ પર છે. સ્વચ્છ ભારત મિશન (શહેરી) ફેઝ-૨ અંતર્ગત ૧૦૦૦ ટન કે તેનાથી વધુ જથ્થાનો કચરો ધરાવતી કુલ ૨૪૨૬ ડમ્પસાઈટની દેશમાં ઓળખ કરવામાં આવી છે. તેમાંથી ૧૪૦ ડમ્પસાઈટ ગુજરાતમાં છે.

## વડોદરા શહેરમાં બે રીઢા ગુનેગારોને ૩૦૦ લોકોએ લમધાર્યા, એકનું મોત

વડોદરા,તા.૧૯

વડોદરા શહેરમાં મોડીરાત્રે વારસિયા વિસ્તારમા અડધી રાત્રે બે યુવકને ચોર સમજી નગ્ન કરી ૩૦૦ના ટોળાએ બેરહેમીપૂર્વક માર મારતા એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા યુવકને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. મૃતક યુવકની માતાએ હોસ્પિટલમાં આક્રંદ કર્યું હતું અને જણાવ્યું હતું કે, પોલીસ શું કરતી હતી? અમને ન્યાય જોઈએ છે. આ ઘટનામાં ટોળા સામે



મોબ લિંચિંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડીસીપી પન્ના મોમાયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, લોકોએ માર માર્યો છે તે બંને રીઢા ગુનેગાર હોવાનું પોલીસ ચોપડે નોંધાયેલ છે. મૃતક યુવક સામે ૧૦ ગુના અગાઉ ચોરીના નોંધાયેલા છે અને તાજેતરમાં જ પાસામાંથી છૂટેલ છે. ઈજાગ્રસ્ત યુવક પણ ૭ ગુનામાં સંડોવાયેલ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે ટોળા સામે મોબ લિંચિંગ અંતર્ગત ગુનો દાખલ કર્યો છે. સમગ્ર મામલે હાલમાં પોલીસ તપાસ કરી રહી છે.




## ભીમા દુલા બાદ પુત્ર-પુત્રવધુ સામે પોલીસ ફરિયાદ દાખલ




પોરબંદર,તા.૧૯

પોરબંદરની ક્રાઈમની દુનિયામાં બહુ જ મોટું નામ ધરાવતા ભીમા દુલાની મુશ્કેલીઓ વધી રહી છે. ગઈકાલે તેની ધરપકડ થયા બાદ અનેક ગુનાના માલિક એવા ભીમા દુલાના ઘરેથી કારતૂસનો જથ્થો ઝડપાયો છે અને તેમાં તેના પુત્ર અને પુત્રવધુની લાયસન્સમાં દર્શાવેલી મર્યાદા કરતા વધારે કારતૂસ રાખવાના ગુનામાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

